**આજનો સુવિચાર**

જેની ભીતર કોઈપણ ઈચ્છા હોતી નથી, તેની જરૂરીયાતોની પુર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૯૯ જૂનાગઢ તા.૦૩-૦૮-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 199, Junagadh : Date : 03 August, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવ : વાપીમાં સાંબેલાધારે ૭ ઈંચ વરસાદ : અડધું શહેર પાણીમાં : જનજીવન ઠપ્પ

વાપી તા.૩

સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કર્યા બાદ બે દિવસનો વિરામ લિધો હતો. જોકે, ગઈકાલથી દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. વલસાડ જિલ્લામાં રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીમાં ૭ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. અડધું શહેર હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાતના અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં સરરેરાશ ૬૦ ટકા કરતા વધુ સરેરાશ વરસાદ વરસી ચૂક્યો છે. દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વચ્ચે આજે રાજ્યમાં ૧૭૨થી વધુ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વાપીમાં સાત ઈંચ વરસાદ ખાબક્યો છે.



નવસારી જિલ્લામાં મોડી રાત્રીથી વરસાદી માહોલ છવાયો છે. તો ઉપરવાસમાં સારા વરસાદના કારણે અંબિકા નદીની સપાટીમાં વધારો થયો છે, જ્યારે પૂર્ણા નદીની સપાટી વધવાની પણ સંભાવના છે.


## સરહદી સુરક્ષા મામલે સરકારની મોટી કાર્યવાહી : બીએસએફના ડીજી અને સ્પેશ્યલ ડીજી બન્નેને એકસાથે હટાવી દીધા

નવી દિલ્હી, તા.૩:

કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા BSFના DG અને સ્પેશિયલ DG બંનેને તેમના વર્તમાન પદ પરથી હટાવી દીધા છે. કેન્દ્ર સરકારે બંને અર્ધલશ્કરી દળોના અધિકારીઓને તાત્કાલિક અસરથી તેમના મૂળ કેડરના રાજ્યોમાં પાછા મોકલવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય પાછળનું કારણ હજુ બહાર આવ્યું નથી.

પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથેની ભારતની સરહદોની સુરક્ષા માટે જવાબદાર સુરક્ષા દળ BSFના ડીજી અને સ્પેશિયલ ડીજી બંનેને હટાવી દેવામાં આવ્યા છે. સરકારે બંનેને તાત્કાલિક અસરથી તેમના પેરેન્ટ કેડરમાં મોકલી દીધા છે. બોર્ડર સિકયોરિટી ફોર્સ (BSF) ના ડીજી નીતિન અગ્રવાલને તેમના કાર્યકાળના મધ્યમાં અહીંથી હટાવી દેવામાં આવ્યા છે અને તેમના વતન રાજ્ય કેડર કેરળમાં પાછા મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. તે જ સમયે, બીએસએફના વિશેષ ડીજી વાયબી ખુરાનિયાને તાત્કાલિક અસરથી તેમના વતન રાજ્ય કેડરમાં મોકલવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે.

## હિમાચલમાં ગત સાંજે ફરી વાદળ ફાટ્યું : રેડ એલર્ટ



નવી દિલ્હી તા.૩

હિમાચલ પ્રદેશમાં શુક્રવારે ફરી વાદળ ફાટ્યું હતું. લાહૌલ સ્પીતિની પિન ખીણમાં ગત સાંજે લગભગ ૬ વાગ્યે વાદળ ફાટવાના કારણે પૂર આવ્યું હતું. તેમાં એક મહિલા તણાઈ ગઈ હતી. પોલીસને મોડી સાંજે મહિલાની લાશ મળી હતી. આ પહેલા ગુરુવારે તા.૧ ઓગસ્ટ હિમાચલમાં પાંચ સ્થળોએ વાદળ ફાટવાને કારણે ભારે તારાજી સર્જાઈ હતી. જેમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે અને ૪૬ લોકો ગુમ છે. NDRF, SDRF, પોલીસ અને હોમગાર્ડના જવાનો તેમને શોધવા માટે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. સર્ચ ઓપરેશનમાં ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હવામાન વિભાગ (IMD) એ શનિવારે (૩ ઓગસ્ટ) મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. શુક્રવારે મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. કોલાર, તવા, બરગી સહિત ૯ મોટા ડેમના દરવાજા ખોલવા પડ્યા.

## વડોદરા-હાલોલ માર્ગ પર એક સાથે પાંચ વાહનો વચ્ચે અકસ્માત : દંપતિનું કરૂણ મોત

વડોદરા તા.૩

વડોદરા-હાલોલ રોડ પર જરોદ ગામ પાસે પાંચ વાહન વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં બે વ્યક્તિનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતા. મૃતક બંને દંપતી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ત્રણ વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના કારણે રોડ પર ૩થી ૪ કિમીનો લાંબો ટ્રાફિકજામ થઈ ગયો હતો. આથી હાલોલ-વડોદરા ટોલ માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો.

વડોદરા-હાલોલ રોડ પર જરોદ ત્રણ રસ્તા પાસે વિચિત્ર અકસ્માતમાં વાહનો એકબીજા પાછળ અથડાયા હતા.

## વાયનાડમાં ચમત્કારીક ઘટના : ભૂસ્ખલનના ૪ દિવસ બાદ ૪૦ દિવસની માસુમ બાળકી જીવીત મળી આવી

વાયનાડ તા.૩

કેરળના વાયનાડમાં ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૩૧૯ પર પહોંચ્યો છે, જ્યારે ૨૦૦ થી વધુ લોકો હજુ પણ ગૂમ છે. તેવામાં દર્દનાક કહાણીની વચ્ચે એક ચમત્કારિક ઘટના બની છે. ૪૦ દિવસની બાળકી અને ૬ વર્ષનું બાળક છેલ્લા ૪ દિવસથી ચાલેલા રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મળી આવ્યું છે. આ બન્ને બાળકનો સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યાં હતા. વાયનાડમાં થયેલી દુર્ઘટનાને કારણે ઘણા ઘરો ધરાશાયી થયા હતા અને હજારો લોકો તેમના પરિવારોથી વિખૂટા પડી ગયા હતા. ૩૦૦ થી વધુ લોકોના મોત થયા પરંતુ કુદરતનો ચમત્કાર પણ અહીં જોવા મળ્યો. અહીં ભારે પૂર અને ભૂસ્ખલન વચ્ચે ચોથા દિવસે ૪૦ દિવસની બાળકી અનાર અને તેના ૬ વર્ષના ભાઈ મોહમ્મદ હયાને મોતને માત આપી છે. રેસ્ક્યુ ટીમે બંનેને સુરક્ષિત બહાર કાઢ્યાં છે.

માતા તન્જીલા તેની ૪૦ દિવસની પુત્રી અનારા અને પુત્ર હયાન સાથે ટેરેસની દિવાલને વળગી બેઠી હતી, પરંતુ તે દરમિયાન તેનો પુત્ર હયાન જોરદાર કરંટથી વહી ગયો હતો અને થોડે દૂર ગયા બાદ તેને મળી આવ્યો હતો.

## પેરીસ ઓલિમ્પીકમાં આતંકી હુમલાની દહેશત બોમ્બ બ્લાસ્ટ એલર્ટ જાહેર : સૈન્યના જવાનો તૈનાત

નવી દિલ્હી તા.૩

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં બોમ્બ બ્લાસ્ટ થવાની સંભાવના છે. પોલીસને એક શંકાસ્પદ વસ્તુ મળી છે, જેના કારણે ઓલિમ્પિક રમતો રોકવાનો ખતરો છે.

ધ મિરરના અહેવાલમાં જાણવા મળ્યું છે કે ફ્રાન્સના સૌથી મોટા મેદાન સ્ટેડ ડી ફ્રાન્સ સ્ટેડિયમમાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને બોમ્બ એલર્ટ જારી કરીને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે.

શંકાસ્પદ વસ્તુની તપાસ માટે નિષ્ણાત બોમ્બ સ્કવોડને બોલાવવામાં આવી છે.

કહેવામાં આવી રહ્યું છે કે પેરિસના સમયે બપોરના સમયે એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. તે સમયે સ્ટેડિયમ સંપૂર્ણપણે ખાલી હતું કારણ કે ઓલિમ્પિક રમતોનું પ્રથમ સત્ર બપોરે ૧ વાગ્યા સુધીમાં સમાપ્ત થઈ ગયું હતું.

## બેડમિન્ટનમાં ભારતીય શટલર લક્ષ્ય સેને ઈતિહાસ રચ્યો સેમિ ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય પુરૂષ ખેલાડી

પેરિસ તા.૩ :

ભારતનો લક્ષ્ય સેન બેડમિન્ટનમાં મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચી ગયો છે અને આવું કરનાર પ્રથમ ભારતીય પુરુષ શટલર બન્યો છે. લક્ષ્યે તાઈવાનના ચુ ટીન ચેનને ૧૯-૨૧, ૨૧-૧૫, ૨૧-૧૨થી હરાવ્યો હતો. લક્ષ્ય સેને ભારતીય બેડમિન્ટનમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈના ચુ ટીન ચેન સામે ત્રણ ગેમની રોમાંચક જીત સાથે, સેન એવા માઈલસ્ટોન સુધી પહોંચી ગયો છે જ્યાં પહેલા કોઈ ભારતીય પુરૂષ શટલર પહોંચી શક્યો નથી. લક્ષ્ય હવે ઓલિમ્પિકમાં બેડમિન્ટન મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય પુરૂષ શટલર બની ગયો છે. હવે તે મેડલથી માત્ર એક જીત દૂર છે.


## હરીયાણામાં ટેક્સી ડ્રાઈવરના ઘરે ઈડીના દરોડા : ક્રિપ્ટો કરન્સીનો મામલો હોવાની ચર્ચા

નવી દિલ્હી તા.૩:

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ હરિયાણાના સોનીપતમાં ટેક્સી ડ્રાઈવરના ઘરે દરોડા પાડ્યા હતા. આ મામલો નકલી ક્રિપ્ટો કરન્સી સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. EDએ ટેક્સી ડ્રાઈવર રમેશ ગુલિયાના ઘરે દરોડા પાડ્યા છે. ગુલિયા ગોહાનાના લાઠ ગામનો રહેવાસી છે. ઈડીના ઘરે પહોંચતા જ સમગ્ર વિસ્તારમાં ચુપકીદી છવાઈ ગઈ હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, EDની ટીમે ટેક્સી ડ્રાઈવર રમેશ ગુલિયાના ઘરે દરોડા પાડીને તેની પૂછપરછ કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે રમેશ ગુલિયા દિલ્હીમાં ટેક્સી ડ્રાઈવર તરીકે કામ કરે છે. તેનો ભાઈ વિદેશમાં રહે છે. રમેશનો ભાઈ દુબઈમાં ક્રિપ્ટો કરન્સીમાં કામ કરતો હતો.

## રૂા.૫૦ હજાર કરોડના ખર્ચે ૮ નેશનલ હાઈસ્પીડ રોડ કોરિડોરને કેબીનેટની મંજુરી



નવી દિલ્હી, તા.૩:

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાની દિશામાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે કુલ રૂ. ૫૦,૦૦૦ કરોડથી વધુના ખર્ચે ૯૩૬ કિલોમીટરના ૮ મહત્વના નેશનલ હાઈ-સ્પીડ રોડ કોરિડોર પ્રોજેક્ટને મંજૂરી આપી છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં કેબિનેટના નિર્ણયો વિશે માહિતી આપી હતી.

## પેરીસ ઓલિમ્પીકમાં વિવાદ મહિલાઓની ગેમમાં પુરૂષ ખેલાડી : મહિલા બોક્સરે ફાઈટ છોડી

પેરિસ, તા.૩:

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ અને વિવાદ જાણે એકબીજાના પર્યાય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. પહેલા ખેલાડીઓમાં ગેરવહીવટનો મુદ્દો સામે આવ્યો અને હવે બોક્સિંગ રમતને લઈને હોબાળો થયો છે. પેરિસ ઓલિમ્પિક્સ બોક્સિંગ રમતના સંદર્ભમાં વિવાદમાં આવી જ્યારે ઈટાલિયન મહિલા બોક્સર એન્જેલા કેરિનીએ મેચની સમાપ્તિ પહેલા અલ્જેરિયાની બોક્સર ઈમાન ખલિફ સાથેની લડાઈ છોડી દીધી. ઈટાલિયન બોક્સર એન્જેલી કેરિનીએ માત્ર ૪૬ સેકન્ડ બાદ તેની વેલ્ટરવેઈટ મેચ રોકી દીધી હતી. આ પછી અલ્જેરિયાની બોક્સર ઈમાન ખલીફને વિજેતા જાહેર કરવામાં આવી હતી. પરંતુ ઈટાલિયન બોક્સર કેરિની તેને હાર માનવાનો ઈન્કાર કરી રહી છે. તેનું કહેવું છે કે તેની સાથે ન્યાય થયો નથી.


**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...**

**પ્રવેશ ચાલુ છે : મહિલા કોલેજ - મેંદરડા**

**માતૃશ્રી મોંઘીમાં મહિલા કોલેજ**
(સાસણ રોડ, મુ.મેંદરડા, તા.મેંદરડા)

B.A. (Sem. - 1) મુખ્ય / ગૌણ વિષયો

- અંગ્રેજી
- અર્થશાસ્ત્ર
- ગુજરાતી
- મનોવિજ્ઞાન
- હિન્દી
- ઈતિહાસ
- સંસ્કૃત

જેવા મુખ્ય / ગૌણ વિષયોમાં પ્રવેશ ચાલુ છે.

નોંધ - સેમેસ્ટર ૧ માં ધો.૧૨ ની પૂરક પરિક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીની બહેનો માટે તા.૦૯-૦૮-૨૦૨૪ સુધી પ્રવેશ કાર્યવાહી ચાલુ છે. ત્યારબાદ ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે નહી.
- વધુ માહિતી માટે કોલેજનો સંપર્ક કરવો.

**સંપર્ક : ૯૯૭૯૮ ૭૩૬૬૯ - ૯૮૭૯૫ ૫૯૨૮૭**



**જૂનાગઢમાં શો-રૂમ આપવાનો છે**

શહેરના વિકસીત ઝાંઝરડા રોડ પર આવેલ

**SKYLITE લાઈટીંગ શો-રૂમ**

૧૫ વર્ષ જુનો ચાલુ ધંધો
સ્ટોક અને ગુડવીલ સાથે આપવાનો છે

રસ ધરાવતી પાર્ટીએ સંપર્ક કરવો.
(દલાલ ભાઈઓ આવકાર્ય)

**Contact : 88490 72879**



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો






**પ્લોટ વેચવાના છે**

RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬

**મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦**

સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



SILVER OAK UNIVERSITY
ज्ञानं परमं भूषणम्

# SILVER OAK UNIVERSITY
EDUCATION TO INNOVATION
(Established by The Gujarat Private Universities Act 2009)
Opp. Bhagwat Vidyapith, S. G. Road, Gota, Ahmedabad.
079 66046300 | 079 35201300 info@silveroakuni.ac.in www.silveroakuni.ac.in

**અમદાવાદ શહેરની મધ્યમાં આવેલ યુનિવર્સિટીમાં એડમિશન લેવાની છેલ્લી તક**

MORE THAN 70% PLACEMENTS
140+ COURSES
22000+ STUDENTS

હોસ્ટેલની સુવિધા

બીજા વર્ષથી સ્ટાઈપેન્ડ બેઝ્ડ ઈન્ટર્નશીપ

વ્યાજ વગરના દસ સરળ હપ્તેથી ફી ભરવાની સુવિધા

રેગ્યુલર કોલેજ ચાલુ થઈ ગયેલ છે

APPLY NOW

**COLLEGE OF TECHNOLOGY**
B.TECH: AE, BIOT, CH, CIVIL,CE, CSE, EE, IT, ME, CE-MLAI, CSE-CS, EC
M.TECH: CH, CL, CE, CS, EC, ME
DIPLOMA: AE, CH, CL, CE, EE, IT, ME

**INSTITUTE OF DESIGN**
B.DESIGN: FASHION & TEXTILE, INTERIOR & FURNITURE, PRODUCT DESIGN, VISUAL COMMUNICATION DESIGN
D.DESIGN: FASHION DESIGN, INTERIOR DESIGN, COMMUNICATION DESIGN

**COLLEGE OF COMPUTER APPLICATION**
BCA | MCA
B.Sc(CS-IT) | B.Sc | M.Sc-IT(INT)
M.Sc(CSDF) | M.Sc(DS) | M.Sc (IT)

**COLLEGE OF LIBERAL STUDIES**
B.A.(HONS.) | BMS

**COLLEGE OF LAW**
B·A·-LLB | BBA-LLB | LLB | LLM-CL | LLM-IPR

**INSTITUTE OF SCIENCE**
B.Sc | M.Sc

**COLLEGE OF AVIATION**
Aircraft Maintenance Engineering with B.Tech Aeronautical /Aerospace Engineering
BBA / MBA Aviation
Cabin Crew & Airport Management

**COLLEGE OF PHYSIOTHERAPY**
BPT

**INSTITUTE OF MANAGEMENT**
PGDM With Dual Specialization
BBA | MBA | IMBA

**COLLEGE OF COMMERCE**
B.COM | M.COM

**COLLEGE OF NURSING**
B.Sc Nursing | GNM

**DERMATOLOGY**
CLINICAL CERTIFICATE OF COSMETOLOGY

**COLLEGE OF HUMANITIES & SOCIAL SCIENCE**
B.A. | M.A.

**COLLEGE OF PHARMACY**
B.PHARM | D.PHARM


CMYK CMYK CMYK

કેન્દ્ર અને રાજય સરકારની મનાઈનો ઉલાળિયો કરતા મચ્છીમારો !

# કચ્છના આખાતમાં ગેરકાયદેસર મચ્છીમારી કરવા નીકળેલ બોટોને પકડી પાડતું કોસ્ટગાર્ડ

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)
ઓખા પોર્ટ તા.૩

હાલમાં દેશમાં મોન્સૂન સીઝન પૂરબહારમાં ખીલી છે અને ચારે બાજુ એના કારણે તોફાની વરસાદ વરસી રહ્યો છે અને ભારતીય હવામાન ખાતા દ્વારા હજુ એક સપ્તાહ આવું વાતાવરણ રહેનાર હોવાના અનુમાનના પગલે અને રાજ્યના મચ્છીમારોના મહામંડળ દ્વારા પણ ગત તારીખ ૨૩-૭-૨૪ના રાજ્ય સરકારને પત્ર પાઠવી દર વર્ષની માફક રાજયમાં ચાલુ થતી ઓગસ્ટ માસની પહેલી તારીખથી શરૂ થતી મચ્છીમારી સીઝન આ વર્ષે પંદરમી ઓગસ્ટથી ચાલુ કરવાની માંગણીના પગલે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે ઓગસ્ટ માસની પહેલી તારીખના બદલે પંદરમી ઓગસ્ટથી ચાલુ કરવાના પરિપત્રનો ઉલાળિયો કરી અહીંના બંદરેથી કોઈપણ જાતની મંજૂરી વગર રાત્રીના અંધકારમાં કંઈક કેટલીય બોટો કચ્છના આખાત તરફ રવાના થયેલ હોવાનું બહાર આવતા કચ્છના આખાતમાં પેટ્રોલિંગ કરતી ભારતીય કોસ્ટગાર્ડની બોટો દ્વારા આશરે ૩૧ જેટલી બોટોને પકડવામાં આવ્યાની વિગતો મચ્છીમારોમાં ચર્ચાય છે. જયારે બીજી બાજુ સોશિયલ મીડિયા ન્યુઝ પેપરના વાયરલ થયેલ વીડિયો અને સમાચારમાં પોલીસ દ્વારા અહીંના ડાલડાં બંદરેથી બિન અધિકૃત અને આધાર કાર્ડ જેવા ઓળખપત્ર વગર આવી પહોંચેલ મચ્છીમારોને પકડી પકડી બોટો ઉપર જ કાયદાનું ભાન કરવાવા જાહેરમાં ધોકાવાળી કરવામાં આવતી હોવાનું બહાર આવતા અહીંના બંદરે મોટા પાયે બિન અધિકૃત મચ્છીમારી ચાલતી હોવાની ઘટનાનો પુરાવો ખુદ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યાનું જણાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અહીંનું મચ્છીમારી બંદર છેલ્લા થોડા વર્ષો દરેક પ્રકારની દેશદ્રોહી પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું હોય તેવી નીત નવી ઘટનાઓનું સાક્ષી રહેલ છે. ત્યારે હવે તો આજ મચ્છીમારોના સ્વાંગમાં રહેલા દેશદ્રોહી તત્વો દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારના પરિપત્રનો ઉલાળિયો કરી દેશની સુરક્ષા એજેન્સીઓને ખુલ્લો પડકાર ફેંક્યાનું નકારી શકાતું નથી. ત્યારે હવે આવનારા દિવસોમાં અહીં કંઈક નવાજુની થવાની શક્યતાના પગલે તંત્રે એલર્ટ રહેવાની જરૂરિયાત હોવાની માંગણી પ્રજામાં ઉઠવા પામેલ છે.

# માંગરોળ : સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંથી સીબીઆરટી પધ્ધતિ દુર કરવા આવેદનપત્ર પાઠવાયું




(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૩

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંથી **CBRT** પધ્ધતિ દૂર કરવા માંગરોળ પંથકના ફોરેસ્ટ ઉમેદવારોએ મામલતદારને આવેદન પાઠવ્યું છે. મહેનતુ વિધાર્થીઓ આ પધ્ધતિનો સૌથી વધુ ભોગ બનતા હોય, દરેક ઉમેદવારને સમાન તક મળે તે માટે **GPSC** અને પોલીસ ભરતી બોર્ડની જેમ ઓફલાઈન મોડથી પરીક્ષાનું આયોજન કરવા માંગ કરી છે. ઉમેદવારોએ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે છેલ્લા ઘણા સમયથી ગૌણ સેવા દ્વારા ફોરેસ્ટ, **CCE**, સબ ઓડીટર, સિનિયર સર્વેયર, મદદનીશ સિવિલ ઈજનેર, ગ્રાફિક ડિઝાઈનર સહિતની વિવિધ પરીક્ષાઓ ઝમ્ર્ઈ પધ્ધતિથી લેવામાં આવી રહી છે. પરંતુ છેલ્લે લેવામાં આવેલી કેટલીક પરીક્ષાઓમાં અનેક છબરડા સામે આવ્યા છે. સૌથી મોટું નકારાત્મક પાસું એ છે કે ગુજરાત સરકારની તમામ પરીક્ષાઓ ગુજરાતી ભાષામાં લેવામાં આવે છે. પરંતુ મલ્ટીલેવલ કંપનીઓ દ્વારા જે કોન્ટ્રાક્ટના કામો આપવામાં આવે છે તેમાં તેઓને ગુજરાતી ભાષાનો કોઈ અનુભવ જ હોતો નથી. આ ઉપરાંત ગૌણ સેવાના અધિકારી અને એજન્સીના માણસો વચ્ચે સંકલનનો અભાવ છે. જેથી પેપર સેટ કરવા અને ચેક કરવા જે કામ સોંપવામાં આવે છે તેમાં સૌથી વધુ ભાષાંતરની ભૂલ જોવા મળે છે. વધુમાં જણાવ્યું છે કે એકથી વધારે શિફ્ટમાં લેવામાં આવતા પેપરોમાં પ્રશ્નોનું સ્તર જળવાતું નથી. પરિણામે કોઈ પેપર ખૂબ સહેલા અને કોઈ અત્યંત અઘરા નીકળે છે. ત્યારબાદ નોર્મલાઈઝેશન મેથડ ઉપયોગ કરી જે મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે તેમાં ગુણભાર ચોકસાઈથી માપી શકાતો નથી અને તુલનાત્મક માપદંડો જળવાતા નથી. ગૌણ સેવા પસંદગી દ્વારા જે પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમાં ફક્ત નામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેના બદલે દરેક ઉમેદવારને નોર્મલાઈઝેશન મેથડ પહેલા અને આ મેથડ લાગુ કરાયા બાદ કોને કેટલા માર્કસ ઉમેરવામાં આવ્યા કે ઘટાડો થયો તેની દરેક માહિતી કેટેગરી અને માર્કસ વાઈઝ પ્રસિધ્ધ કરવામાં આવે તેવી માંગણી સાથે **SSC CGL, IBPS, RRB**, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ તમામ માહિતી સાથે મેરીટ યાદી પ્રસિધ્ધ કરે છે તો ગૌણ સેવા શા માટે નહીં? તેવો પ્રશ્ન ઉઠાવાયો છે.

# દ્વારકા જિલ્લામાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા ૩૮ આસામીઓને પોલીસ દ્વારા ૮ લાખ જેટલી રકમ પરત અપાવવામાં સફળતા


## શંકાસ્પદ ફોન કોલ કે મેસેજને અવગણવા પોલીસ વડાની અપીલ



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૩

હાલ ટેકનોલોજીના સમયમાં ઓનલાઈન ટ્રાન્ઝેક્શન તેમજ તે અંગેની સાવચેતીના અભાવે વિવિધ કારણોસર લોકો સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે. જેની સામે પોલીસ તંત્ર પણ વધુ સક્રિય અને જાગૃત બની રહ્યું છે. ત્યારે સમગ્ર રાજ્ય સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે પણ જિલ્લામાં આ પ્રકારના સાયબર ક્રાઈમનો ભોગ બનેલા ૩૮ આસામીઓને રૂપિયા ૮ લાખ જેટલી રકમ પરત અપાવવામાં સફળતા મળી હોવા સહિતની માહિતી જિલ્લા પોલીસ વડાએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આપી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાયબર ક્રાઈમ અવેરનેસ બાબતે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયએ ગઈકાલે શુક્રવારે માહિતી આપતા જણાવ્યું હતું કે લોકો સાયબર ક્રાઈમ ફ્રોડનો ભોગ બને છે, ત્યારે બેંક એકાઉન્ટમાં શંકાસ્પદ ટ્રાન્જેક્શન ફ્રીઝ કરવામાં આવે છે. હાલ સરકારની નવી પોલીસીના હિસાબે રાજયભરમાં કુલ ૨૮,૦૦૦ જેટલા બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. તેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૮ લોકોને તેઓની છેતરપિંડીની રૂ. ૮,૦૦,૦૦૦ જેટલી રકમ પરત અપાવવામાં જિલ્લા પોલીસને સફળતા મળી છે. સાયબર ફ્રોડની ફરિયાદ પરથી એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવતું હતું તેને અનફ્રીઝ કરવાની કાર્યવાહી પણ હવે સરળ થઈ ગઈ છે. ત્યારે લોકોએ તેઓના મોબાઈલમાં આવતા શંકાસ્પદ કોલ કે મેસેજને અવગણવા તેમજ સાયબર ફ્રોડ સામે સાવચેતી કેળવવા પણ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા અપીલ કરવામાં આવી છે.

# શ્રી કષ્ટભંજન દેવ દાદાને શનિવાર નિમિત્તે ફુલો અને ફળોનો શણગાર અને અન્નકૂટ ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા)
સાળંગપુર તા.૩

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિતે તારીખ ૩-૮-૨૦૨૪ સવારે ૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા અને ૭:૦૦ કલાકે શણગાર આરતી ચેરમેન દેવપ્રકાશ સ્વામી-વડતાલધામ દ્વારા કરવામાં આવી હતી. જેનો લ્હાવો હજારો ભક્તોએ લીધો છે. આજે દાદાના સિંહાસને ગુલાબ, ઓર્કિડ સહિત ૭:૦૦ કલાકે દાદાને સફરજન, કેળા, અનાનસ, મોસંબી, નારંગી વિગેરે ફળનો અન્નકૂટ ધરાવવામાં આવ્યા હતો. આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શનિવાર નિમિત્તે દાદાના સિંહાસને વિશેષ શણગાર કરાયો છે. જેમાં ૨૦૦ કિલો ગુલાબ અને ઓર્કિડ સહિતના ફુલ સાથે ૫૦૦ કિલો વિવિધ ફળનો શણગાર કરાયો છે. આ ફુલ અને ફળ વડોદરા અને અમદાવાદથી મંગાવ્યા છે. આ શણગાર કરતા ૬ સંત, પાર્ષદ અને ભક્તોને ૪ કલાકનો સમય લાગ્યો હતો. આ ઉપરાંત આજે દાદાને ૧૦૦૮ કેળાનો પણ અન્નકૂટ કરાયો છે.

# માણાવદરના સર્જક વિનોદ એન. જોશી ઝખ્મી શ્રધ્ધાંજલી સમારોહ ઉજવાઈ ગયો




(પ્રતિનિધિ દ્વારા)
માણાવદર તા.૩

માણાવદરના કવિ, લેખક, વાર્તાકાર, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની ધરોહર નગર પાલિકાના પૂર્વ ચીફ ઓફિસર સ્વ. વિનોદરાય નાનાલાલ જોશી 'ઝખ્મી' કે જેઓનું સામાજીક, સાહિત્યિક, વહીવટી અને ધાર્મીક ક્ષેત્રે મહત્વનું પ્રદાન રહેલ છે અને તેઓ દ્વારા રચીત "નયનતારા" નવલકથા ' સંગીતા" " મધુરી મહેફિલ" " અંતરની સરવાણી" જેવા ગઝલ સંગ્રહો સૌરાષ્ટ્રના નામાંકીત પ્રકશનોમાંથી પ્રસિદ્ધ થયા છે અને સને - ૧૯૮૬ માં તેઓએ માણાવદર ખાતે ગાયત્રી મંદિરના નિર્માણનો સંકલ્પ પુર્ણ કરેલ તેવા ગાયત્રી મંદિરના આદ્ય સ્થાપક સ્વ. વિનોદ એન . જોશીની ૨૬ મી પુણ્યતિથી નિમિતે તા.૨૭-૭-૨૦૨૪ના રોજ આયોજીત "શ્રધ્ધાંજલી સમારોહ" અને "સંગીત સંધ્યા"માં આંતર રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત સૌરાષ્ટ્ર અને હાલારના કલા સાધકોએ સંગીતનું રસપાન કરાવ્યું હતું. તેમાં મકબૂલ વાલેરા મોરબી, મનીષ રિબડીયા, રાહુલ વાઘેલા, નફીસભાઈ, ઈમ્તિયાઝ રાઠોડ, ગોવિંદ આહીર વિસાવદર, માધવ પુરોહિત જામનગર રાજકોટના સાહીત્ય મર્મી એવા જયદીપ વસોયા, વિજય જોશી, પરેશ જોષી અને સ્થાનિક કલાકારોએ સુરીલા સ્વરમાં સંગીત સંધ્યાને મઢી હતી. વિનોદ એન. જોશી "ઝખ્મી"ની તસવીર પાસે દીપ પ્રાગટ્ય કરી "શ્રધ્ધાંજલી સમારોહ"ને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ગં.સ્વ. ભારતીબેન વિનોદભાઈ જોશી, ભરતભાઈ મેસીયા, નરેન્દ્ર ઝીબા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ, પત્રકારો અને અન્ય અગ્રણીઓ, સામાજીક આગેવાનો તથા મહેમાનો જોડાયા હતા. સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની રૂપરેખા લોક સંસ્કૃતિ ઉપાસક બ્રહ્મ અગ્રણી મયૂર મો. રાવલે આપી હતી. જગદીશભાઈ ભટ્ટ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢના વ્યાખ્યાતા, પ્રાણ એક સ્મરણના સંપાદક ભરતભાઈ મેસીયા, વિનોદભાઈ જોશીની સામાજિક સાહિત્ય અને સંસ્કૃતિ પ્રવૃત્તિની વિગતે વાતો કરી સ્મરણોને તાજા કર્યા હતા. ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તેજસ્વિની વિદ્યાર્થીની અને વિનોદભાઈ જોશીની પૌત્રી જાહ્નવી પરેશભાઈ જોશીનું બી.એસ.સી. ફોરેન્સિક સાયન્સ ફાઈનલ યરમાં યુનિવર્સિટી ફર્સ્ટ આવવા બદલ બહુમાન કરવામાં આવ્યું હતું. મહેમાનો અને કલાકારોને શાલથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આભાર દર્શન અને સુચારુ સંચાલન મયૂર મો. રાવલે કર્યું હતું. સંગીત સંધ્યામાં કલાકારો ખીલી ગયા હતા. વહેલી સવાર સુધી ગીત ગઝલ શાયરી કવિતાની રમઝટ બોલાવી હતી. તેનું સંચાલન દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ હતું. મોટી સંખ્યામાં મહેમાનો અને સંગીત રસિકો જોડાયા હતા. જોશી પરિવાર વતી, વિજયભાઈ જોશી, પરેશભાઈ જોશી, જયદ્રથભાઈ જોશી તથા મિત્ર મંડળે ભારે જહેમત ઉઠાવવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ આવતીકાલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૩

કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ તા.૪-૮-૨૦૨૪ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. કૃષિ મંત્રી તા.૪-૮-૨૦૨૪ રોજ સવારે ૧૦ કલાકે સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ ખંભાળિયા, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાના અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત થયેલ ગામો તથા નાગરિકોની મુલાકાત લેશે.

# ઉના: દિપડાના હુમલાથી મૃત્યુ પામેલ વૃધ્ધના વારસોને વનવિભાગ દ્વારા રૂા.૫ લાખનો ચેક અર્પણ કરાયો



(પ્રતિનિધિ દ્વારા)
ઉના તા. ૩

ઉનાના ગીરગઢડા તાલુકાના વડવિયાલા ગામની સીમમાં મનસુખભાઈ ખેનિના ખેતરમાં ખેત મજૂરી કરતા અને ઝૂંપડામાં રહેતા મૂળ દેલવાડા ગામના ડાયાભાઈ ચિનાભાઈ સોલંકી (ઉ.વ.૬૦) ગત તા.૧૦/૭/૨૪ના રાત્રિના ઝૂપડામાં સુતા હતા ત્યારે એક દીપડો ઘૂસી જઈ તેમને દબોચી લઇ નદી કિનારે લઈ જઈ શિકાર કરી મોત નીપજાવી અને ખાઈ ગયો હતો. આ અંગેની જાણ ગીર પૂર્વ વન વિભાગની જશાધાર રેન્જની કચેરીને થતાં તેમનું પોસ્ટ મોર્ટમ કરાવી જરૂરી કાગળો તૈયાર કરી ધારી વન વિભાગની કચેરી એ મોકલતા સી.સી.એફ. ગીર પૂર્વ વિભાગ ધારીની કચેરીએ મૃતક સહાય માટે રૂા. ૫ લાખનો ચેક મોકલતા ગીર પૂર્વ વન વિભાગ જશાધાર ગીર રેન્જના આર.એફ.ઓ. ભરવાડ, તાલુકા પંચાયતના સભ્ય પ્રવીણભાઈ સાંખટ, ફોરેસ્ટર બારોટભાઈએ મૃતકના પત્ની ધનીબેન ડાયાભાઈ સોલંકી રે. જુડ વડલીને ચેક રૂપિયા પાંચ લાખની સહાયનો અર્પણ કરવામાં આવેલ હતો.

### અવસાન નોંધ

મૂળ લાલપુર (હાલ જૂનાગઢ) નિવાસી સ્વ.હરસુખલાલ મગનલાલ હિરાણીના સુપુત્ર મયુર હિરાણી તે જીગ્નેશ, હેતલના નાના ભાઈનું તા.૩૧/૭/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેનું બેસણું તા.૩/૮/૨૦૨૪ના રોજ ૪ થી ૬ અમારા નિવાસસ્થાને (જૂનાગઢ) રાખેલ છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

**દેવ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
સોમનાથ, ભાલકા તીર્થ, તુલસીશ્યામ, ધારી ખોડીયાર, સતાધાર
દિવસ-૧
તા. ૧૧-૮-૨૦૨૪
રવિવાર
મધુરમ રોડ, જૂનાગઢ
મો. ૮૭૩૫૮ ૬૧૦૦૧

**આ મકાન તાત્કાલીક વેંચવાના છે**
મોતીબાગનાં બીજા ગેટ સામે
તનીક્ષ શો રૂમ પહેલાં
ગુણાતીતનગર ગેટ નં. ૬
બ્લોક નં. ૮-૩૪
બ્લોક નં. ૮-૩૫
બંને બ્લોક તાત્કાલીક વેંચવાના છે.
મો. ૯૮૨૪૧ ૦૯૦૮૦

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

ઝલઝલા આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ચોમાસું આફત નહીં, જીવન છે

ચોમાસાના આગમનની સાથે જ દેશના એ સ્થળો, જે થોડા વખત પહેલાં પાણી માટે વ્યાકુળ હતા, તે પાણી-પાણી થઈ જાય છે. જેવી પ્રકૃતિ પોતાના આશીર્વાદ વરસાવે છે અને તળાવ, નદી-નાળાં ઉભરાઈને ધરાને અમૃતમય કરવા લાગે છે, ત્યારે સમાજનો એક વર્ગ તેને જળપ્રલય, હાહાકાર જેવા શબ્દોથી નિરુપિત કરવા લાગે છે. અસલમાં જ્યારે ધરતી તપી રહી હતી, ત્યારે સમાજે પોતાની આસપાસના કૂવા, વાવ, તળાવ અને નદીથી ગંદકીને સાફ કરવાની હતી, તેમાં જામી ગયેલ કાંપને ખેતરો સુધી લઈ જવાનો હતો, પરંતુ એવું થયું નહીં. તેથી જે પાણી આખા વર્ષ માટે ધરતીને જીવન આપતું હતું, તે લોકોને સમસ્યા લાગવા માંડ્યું. એ વાત સમજવી પડશે કે નદી, નહેર, તળાવ અને સરોવર વગેરે પાણીના સ્રોત નથી. હકીકતમાં પાણીનો સ્રોત ચોમાસું છે અથવા તો ગ્લેશિયર. તળાવ અને નદી તો તેને સાચવવાનું સ્થાન માત્ર છે. આપણે ચોમાસાના ઉપકારને સાચવવાના આ સ્થાનોને ગરમીમાં તૈયાર નથી કરતા, તેથી પણ જળભરાવો થાય છે. આજે ગંગા-યમુનાના ઉદ્ગમ સ્થળથી લઈને નાની નદીઓના કિનારે વસેલા ગામ-કસ્બા સુધી બસ એ જ હલ્લો છે કે વરસાદે ખેતર-ગામ બધું જ ઉજાડી મૂક્યું, પરંતુ ચોમાસું વિદાય થયા બાદ આ તમામ વિસ્તારોમાં પાણીના એક એક ટીપા માટે મારા-મારી જોવા મળશે. ચોમાસાના પાણીનો વિસ્તાર આપણી જમીન પર નથી થયો પરંતુ આપણે જ જળ વિસ્તારની નૈસર્ગિક જમીન પર પોતાનો કબ્જો જમાવી લીધો છે.

ભારતમાં માત્ર ત્રણ પ્રકારના જળવાયુ છે - ચોમાસું, ચોમાસા-પૂર્વ અને ચોમાસા-બાદ. એટલે જ ભારતની જળવાયુને ચોમાસું જળવાયુ કહેવામાં આવે છે. ખેતી-હરિયાળી અને વર્ષભર માટે પાણીનો જુગાડ આ જ વરસાદ પર નિર્ભર છે. તેમ છતાં આપણે ના તો ચોમાસાના આગમનની યોગ્ય રીતે તૈયારી કરી શકીએ છીએ અને ના વરસતા પાણીને યોગ્ય રીતે એકત્ર કરી શકીએ છીએ. ભારતીય ચોમાસાનો સંબંધ મુખ્યત્વે ગરમીના દિવસોમાં થનારા વાયુમંડલ પરિસંચરણમાં પરિવર્તન સાથે છે. ગરમીની શરૂઆત થવાથી સૂર્ય ઉત્તરમાં અયન કરે છે. તેના પ્રભાવથી પશ્ચિમી જેટ સ્ટ્રીમ હિમાલયના ઉત્તરમાં પ્રવાહિત થવા લાગે છે. આ રીતે તાપમાન વધવાથી નિમ્ન વાયુદાબ પેદા થાયછે. દિક્ષણમાં હિંદ મહાસાગરમાં મેડાગાસ્કર દ્વીપ સમીપ ઉચ્ચ વાયુદાબનો વિકાસ થાય છે. આ જ ઉચ્ચ વાયુદાબના કેન્દ્રથી દિક્ષણ પશ્ચિમ ચોમાસાની ઉત્પત્તિ થાય છે. ભારતમાં દિક્ષણ-પશ્ચિમ ચોમાસાની બે શાખાઓ થઈ જાય છે - બંગાળની ખાડી અને અરબ સાગરની શાખા. આ સમયે દેશવાસીઓને જળદેવતાને શરણ આપવા માટે થોડો સમય વધુ શ્રમ આપવો જોઈએ. ભલે આપણે ગરમીમાં તૈયારી ન કરી, પરંતુ હજુ પણ મોડું નથી થયું. ધરતી પર માણસનું અસ્તિત્વ જાળવી રાખવા માટે પાણી જરૂરી છે તો પાણીને બચાવી રાખવા માટે વરસાદનું સંરક્ષણ જ એકમાત્ર ઉપાય છે.

જો દેશની માત્ર પાંચ ટકા જમીન પર પાંચ મીટર સરેરાસ ઊંડાણમાં વરસાદના પાણીને સંગ્રહવામાં આવે તો ૫૦૦ લાખ હેક્ટર પાણી એકત્ર કરી શકાયછે. આ જ રીતે પ્રતિ વ્યક્તિ સરેરાશ ૧૦૦ લીટર પાણી આખું વર્ષ આખા દેશમાં આપી શકાય છે. જોકે આ પ્રકારે પાણી એકત્ર કરવા માટે જરૂરી છે કે સ્થાનિક સ્તર પર સદીઓથી સમાજની સેવા કરનારી પારંપરિક જળ પ્રણાલીઓને શોધવામાં આવે. તેમને સાચવનાર અને સંચાલિત કરનારા સમાજને સન્માન આપવામાં આવે. સમાજને ફરી એક વાર 'પાણીદાર' બનાવવામાં આવે. એ ધ્યાન રાખવું જરૂરી છે કે છેવાડાના ક્ષેત્રોની પારંપરિક પ્રણાલીઓને આજના એન્જિનિયરો કદાચ સ્વીકારી ન શકે. તેથી જરૂરી છે કે તેના માટે સમાજને જ આગળ કરવામાં આવે. યાદ રહે કે આપણા પૂર્વજોએ દેશકાળની પરિસ્થિતિઓ અનુસાર વરસાદને સમેટીને રાખવાની કેટલીય પ્રણાલીઓ વિકસિત અને સંરિક્ષત કરી હતી, જેમાં તળાવ સૌથી લોકપ્રિય હતાં. ઘરોની જરૂરિયાત એટલે કે પીવાના પાણી અને ભોજન બનાવવા માટે મીઠા પાણીનું સાધન કૂવો ક્યારેક ઘર આંગણે જ બનતો હતો. ધનવાન લોકો જાહેર કૂવા ખોદાવતા હતા. હરિયાણાથી માલવા સુધી તલાવડીઓ જમીનનો ભેજ યથાવત રાખવાની પ્રાકૃતિક સંરચના છે. એ સામાન્ય રીતે વર્ષા જળના વહેણ ક્ષેત્રમાં પાણી રોકવાના પ્રાકૃતિક કે કૃત્રિમ બંધ સાથે નાના તળાવ જેવા હોય છે. તેજ ઢાળ પર તેજ ગતિથી પાણી વહી જતા ભૂસ્થળમાં પાણીની ધારાને કાપીને રોકવાની પદ્ધતિ 'પાટ' પહાડી ક્ષેત્રોમાં બહુ લોકપ્રિય રહી છે. નહેર કે નાળાં દ્વારા કોઈ પાકા બંધ સુધી પાણી લઈ જવાની પ્રણાલી 'નાડા કે બંધા' હવે જોવા નથી મળતી. કુંડ અને વાવડીઓ માત્ર જળ સંરક્ષણનાં સાધન જ નહીં, બલ્કે આપણી સ્થાપત્ય કલાના બહેતરીન નમૂના છે. આજે એવી જ પારંપરિક પ્રણાલીઓને પુનર્જીવિત કરવા માટે તેની આસપાસ સફાઈ અને તેમાં ભરાતા પાણીને બાહ્ય પ્રદૂષણથી બચાવવાની જરૂર છે અને તે પણ સ્થાનિક સમાજ દ્વારા. એટલું જ નહીં, શહેરી અને કસ્બાઈ વિસ્તારોમાં બગીચા જેવી સંરચનાઓમાં થોડા દિવસ વરસાદી નાળામાં જઈ રહેલા પાણીને સમેટી શકાય છે. આ પાણી વધુમાં વધુ એક અઠવાડિયામાં ધરતી દ્વારા શોષી લેવાય છે. આવી ભીની જમીન પર આગળ જઈને સારું ઘાસ ઉગશે. આ પ્રકારે વરસાદના પાણીને સાચવી રાખવામાં સ્થાનિક લોકોની જવાબદારી, ભૂમિકા અને જાગરુકતા તો વધશે જ, તેનાથી ભૂજળનું રિચાર્જ પણ થશે, જે ખેતરો અને કારખાનાંમાં પાણીનો પૂરવઠો સુનિશ્ચિત કરશે. ચોમાસનો જીવનના અનિવાર્ય અંગ તરીકે આનંદ લો. જ્યાં સ્થાન મળે, વરસાદના પાણીને રોકો અને તેને ધરતીમાં સમાવિષ્ટ થવા દો.

### ૪૭ ટકા રકમ પરત મેળવવામાં સફળ

# સાઈબર ક્રાઈમ સામે ગુજરાત પોલીસની સજ્જતા વધી

### ૨૦૨૩માં સાઈબર ગુનેગારો પાસેથી ફક્ત ૧૮ ટકા જ રકમ વસૂલી શકેલી પોલીસ ૨૦૨૪માં ૪૭ ટકા સુધીની રકમ વસૂલવામાં સફળ રહી છે

અમદાવાદ,તા.૩

ગુજરાત પોલીસ સાઈબર ક્રાઈમના નાથવા માટે પહેલાં કરતાં વધુ સુસજ્જ થઈ છે. તેના કારણે ૨૦૨૩માં સાઈબર ગુનેગારો પાસેથી ફક્ત ૧૮ ટકા જ રકમ વસૂલી શકેલી પોલીસ ૨૦૨૪માં ૪૭ ટકા સુધીની રકમ વસૂલવામાં સફળ રહી છે. આ બાબત ગુજરાત પોલીસની સાઈબર ક્રાઈમ સામે વધતી જતી સુસજ્જતા બતાવે છે. તાજેતરમાં, ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમવર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે એક મોટો પ્રયાસ કર્યો છે.

સાયબર ક્રાઈમની તપાસમાં પીડિતોના સહયોગને કારણે અગાઉ લોક થઈ ગયેલા ૨૮,૦૦૦ બેંક ખાતાઓ હવે અનફ્રીઝ કરવામાં આવ્યા છે.

બેંકખાતાઓ અનફ્રીઝ થવાથી પીડિતોને મોટી રાહત મળી છે. આ બાબત પર વધુ પ્રકાશ પાડતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ''ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમની અસરકારક તપાસના પરિણામે ૨૮ હજાર જેટલા બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. આ પગલું એ પીડિતોને નોંધપાત્ર રાહત આપશે, જેઓ દગાખોરીથી પેમેન્ટ સ્વીકારીને છેતરપિંડીનો ભોગ બન્યા હતા અથવા તો અજાણતા આ પ્રકારની યુક્તિઓમાં ફસાઈ ગયા હતા.''

અટવાયેલી રહેલી રકમ તેમજ રિફંડની રકમ અંગેની માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, રિફંડની રકમ અને હોલ્ડ પર એટલે કે અટવાયેલી રકમમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. તેમણે જણાવ્યું કે ૨૦૨૪માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨% છે, જે ૨૦૨૩માં માત્ર ૧૭.૯૩% હતી. ૩૦ જૂન, ૨૦૨૪ સુધી હોલ્ડ પર રાખવામાં આવેલી કુલ રકમ ૧૧૪.૯૦ કરોડ છે અને ૨૦૨૪ માટે રિફંડ કરાયેલી રકમ ?૫૩.૩૪ કરોડ છે. આ તફાવત દર્શાવે છે કે ઓથોરિટીએ સાયબર ક્રાઈમના પીડિતોને સમયસર રાહત મળે એ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લીધા છે.

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, પોલીસે એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની તેમની પોલિસીમાં પણ સુધારો કર્યો છે. નવી પોલિસી અસરકારક રીતે ગુના નિવારણ અને નિર્દોષ પક્ષો પર નાણાકીય બોજ ઘટાડવા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ પગલું છે, જે કુલ રકમને બદલે ખાતાના એ ભાગને ફ્રીઝ કરે છે જે છેતરપિંડીથી અસરગ્રસ્ત હોય. તેઓ હવે આખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝ કરશે. તેમણે જણાવ્યું હતું કે આ ફેરફારનો હેતુ મધ્યમ-વર્ગની વ્યક્તિઓ પરના નાણાકીય તણાવને ઘટાડવાનો છે, જેઓ આખું બેંક અકાઉન્ટ લોક થઈ જવાના કારણે મોટી મુશ્કેલીનો સામનો કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, ''મધ્યમ-વર્ગના લોકો સાયબર ક્રાઈમના લીધે આર્થિક રીતે પ્રભાવિત થયા હતા અને અએકાઉન્ટ ફ્રીઝ થવાના કારણે તેઓ પોતાના ખાતામાં રહેલી રકમને મેળવવા માટે અસમર્થ હતા. હવે તેમના ખાતાઓ અનફ્રીઝ થઈ જવાના કારણે તેઓએ મોટી રાહત અનુભવી છે. આ પગલું એવા લોકો માટે ખરેખર રાહતદાયી છે જેઓ બહુ ધનવાન નથી અને મોટાભાગે રોજિંદા વ્યવહારો માટે તેમના બેંક ખાતાઓ પર આધાર રાખે છે.''

ઓથોરિટીએ વિનંતી કરી છે કે જેમને પણ એવું લાગતું હોય કે તેમના બેંક ખાતાઓ ભૂલથી ફ્રીઝ કરવામાં આવ્યા છે તેઓ સાયબર ક્રાઈમમાં તેમની બિન-સંડોવણી દર્શાવતા પુરાવા સાથે આગળ આવે.

એક પછી એક કેસના આધારે આ ખાતાઓની સમીક્ષા કરવામાં આવશે અને ત્યારબાદ આવા ખાતાઓને શક્યતઃ અનફ્રીઝ કરવામાં આવશે.

# મહિલાઓની સુરક્ષા એ રાજ્ય સરકારની પ્રાથમિકતા : ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

### રાજ્યમાં છેલ્લા ૩૨ દિવસમાં પોક્સોના ૩૨ જેટલાં કેસોમાં નામદાર કોર્ટ દ્વારા ચૂકાદા આપતાં, ૩૨ પરિવારોને ન્યાય અપાવવામાં સફળતા મળી છે

અમદાવાદ,તા.૩

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યની તમામ મહિલાઓની સુરક્ષા એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. દુષ્કર્મોના કેસોમાં નરાધમોને કડકમાં કડક સજા થાય એ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કડક આદેશો આપ્યા છે જેના ભાગરૂપે પોલીસ વિભાગ દ્વારા ત્વરિત કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રી સંઘવી એ ઉમેર્યું કે, તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લાના જંત્રાખડી ગામે ગોસ્વામી સમાજની બાળકી પર થયેલ દુષ્કર્મના કેસમાં માત્ર ૨૫ દિવસમાં તમામ તપાસ પૂર્ણ કરીને કોર્ટ દ્વારા ફાંસીની સજા આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં છેલ્લા ૩૨ દિવસમાં પોક્સોના ૩૨ જેટલાં કેસોમાં નામદાર કોર્ટ દ્વારા ચૂકાદા આપતાં, ૩૨ પરિવારોને ન્યાય અપાવવામાં સફળતા મળી છે.

આજે સ્વર્ણિમ સંકુલ – ૨ ગાંધીનગર ખાતે મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળના અધ્યક્ષ રોહીતપુરી ગોસાઈ સહિત સાધુ સમાજના આગેવાનો ગૃહમંત્રી હર્ષ સંઘવીની મુલાકાતે આવ્યા હતા અને સમગ્ર સમાજવતી મુખ્યમંત્રી અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

આ મુલાકાત દરમિયાન સંઘવીએ જણાવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકામાં જે ઘટના બની છે તે ઘટના ખુબ ગંભીર છે. આ ઘટનાથી ગોસ્વામી સમાજ અને ગુજરાતના નાગરિકોમાં રોષ સ્વાભાવિકપણે જોવા મળ્યો હતો. ગુજરાતના નાગરિકોની માંગ હતી કે આવા નરાધમને ઝડપી ફાંસીની સજા થાય તે આજે પૂર્ણ થઈ છે. તેમણે ઉમેર્યુ હતું કે સમાજના અગ્રણીઓ સાથે ઘટના બન્યા બાદ રાજકોટમાં મુલાકાત થઈ હતી. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરવામાં આવી હતી. આ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે એફએસએલની મદદ લઈ તમામ સાંયોગિક પુરાવા એકઠા કરી ૨૫ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ કરી હતી. આ કેસ નામદાર કોર્ટમાં ચાલી જતા નરાધમને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. આ નરાધમને ફાંસીની સજા અપાવવાનું વચન રાજ્ય સરકારે પાળ્યું છે.

તેમ જણાવી મંત્રીએ કહ્યું હતું કે, ગોસ્વામી સમાજના તમામ કાર્યકરો અને આગેવાનોએ આ કેસ માટે જે સહકાર આપ્યો છે તે માટે હું સર્વે લોકોનો આભાર માનુ છું. આપ સૌ લોકોના સહયોગના કારણે રાજ્ય સરકાર બાળકીને ન્યાય અપાવવા સફળ રહી છે. રાજ્યમાં એકપણ ઘટના ન બને અને જો ઘટના બને તો પરિવારને ઝડપથી ન્યાય મળે તે દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. તેમજ વર્ષોથી ચાલતા દીકરીઓના કેસોમાં તેમને ન્યાય અપાવી મારું કાર્ય રાજ્ય સરકારના મંત્રી તરીકે સિદ્ધ કરી શકું તેવા આશીર્વાદ સાધુ સંતો પાસે માંગ્યા છે.

# ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયાને ૫૨ વર્ષ બાદ ભારતે હરાવ્યું

પેરિસ, તા.૩

હરમનપ્રીત સિંહની આગેવાનીમાં પેસિસ ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમે કમાલ કરી દીધો છે. ઓસ્ટ્રેલિયા સામે મેચમાં ભારત ૩-૨થી શાનદાર જીત મેળવી છે. આ જીતની ખાસ વાત તે રહી કે એસ્ટ્રો ટર્ફ પર ભારતે પ્રથમવાર ઓસ્ટ્રેલિયાને ઓલિમ્પિકમાં હરાવ્યું છે. ભારતે ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયાને છેલ્લે ૧૯૭૨માં હરાવ્યું હતું. ત્યારે મેચ ઘાસના ગ્રાઉન્ડ પર રમાતી હતી. હરમનપ્રીતની સેના ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી ચૂકી છે.

ભારતીય ખેલાડીઓએ મેચની શરૂઆતમાં આક્રમક હોકી રમી હતી. ભારતે પ્રથમ ક્વાર્ટરથી પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. ભારતની આક્રમક રમતને કારણે ટીમ ઈન્ડિયાએ પ્રથમ ક્વાર્ટરમાં બે ગોલ કરી ૨-૦ની લીડ મેળવી લીધી હતી. ભારત માટે પ્રથમ ગોલ અભિષેકે કર્યો જ્યારે બીજો ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે કર્યો હતો. જ્યારે ભારતે પેનલ્ટી કોર્નરનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો.

હાફ ટાઈમ સુધી ભારતે ૨-૧ની લીડ બનાવી રાખી હતી. પરંતુ ઓસ્ટ્રેલિયાએ બીજા ક્વાર્ટરમાં એક ગોલ કરી વાપસીનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ભારત તરફથી કેપ્ટન હરમનપ્રીત સિંહે ફરી ગોલ કરી સ્કોર ૩-૧ કરી દીધો હતો. હરમનપ્રીત સિંહે પેનલ્ટી પર ગોલ કર્યો હતો. ત્રીજા ક્વાર્ટરના અંતે ભારતનો સ્કોર ૩-૧ રહ્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ ચોથા ક્વાર્ટરમાં ફરી એક ગોલ કર્યો હતો. પરંતુ અંતિમ સમયમાં ભારતે શાનદાર રમત દાખવી હતી. ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાના પ્રહારના બચાવ પણ કર્યા હતા. અંતે ભારતે મેચ ૩-૨થી જીતી લીધી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

વ્યસ્ત વ્યક્તિને આંસુ સારવાનો પણ સમય મળતો નથી.

\- બાયરન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ વદ-૧૪, તા.૩ ઓગષ્ટ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૨૭, પુનર્વસુ નક્ષત્ર, વજ્ર યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૩૨
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

\- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ રોકાયેલા નાણાં છૂટા થાય. કોર્ટ-કચેરી કાર્યોમાં સફળતા મળે.
વૃષભઃઆર્થિક સ્થિતિ તંગ રહે. વડીલ વર્ગ સાથે મતભેદ સર્જાય.
મિથુનઃપારિવારીક વિષમતા રહે. આવક-જાવક સરભર રહે.
કર્કઃ વ્યર્થ દોડા-દોડી રહે. સ્વાસ્થય બાબતે સંભાળવું.
સિંહઃ વાણી સંયમ જાળવવો હિતાવહ. યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય.
કન્યાઃ અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. કાર્યોમાં હાનિનો સંભવ.
તુલાઃ મનમાં અકારણ ચિંતા રહે. પારિવારીક જવાબદારીમાં વધારો.
વૃશ્ચિકઃપારિવારીક કાર્યમાં ક્રિયાશીલ રહેવાય. મનમાં પ્રસન્નતા રહે.
ધનઃ મોજ-શોખ પાછળ ખર્ચ થાય. સંપત્તિને કાર્યોમાં સફળતા મળે.
મકરઃ મનની મુરાદ બર આવે. અગત્યની યોજના પાર પડે.
કુંભઃ આર્થિક સ્થિતિ સુધરતી જણાય. અકારણ ક્રોધ રહે.
મીનઃ કામકાજમાં વ્યસ્ત રહેવાય. મહેનતનું ફળ મળે.

### ગુજરાતમાં ફરી લવ જેહાદ સામે આવ્યો

# યુવતીને લવ જેહાદમાં ફસાવી તેને દુબઈમાં ૨૨ લાખ રૂપિયામાં વેચી મારવાનો કારસો ઘડાયો

### વાહિદે યુવતીને બ્લેકમેઈલ કરી તેને વેચવાનો પણ કારસો ઘડી નાખ્યો હતો, ત્યારે શું વાહિદ કોઈ ઈન્ટરનેશનલ નેટવર્ક સાથે સંકળાયેલ છે તે તપાસનો વિષય બને છે

વડોદરા,તા.૩

વડોદરા શહેરની યુવતીને લવ જેહાદમાં ફસાવી તેને દુબઈમાં ૨૨ લાખ રૂપિયામાં વેચી મારવાનો કારસો ઘડાયો હોવાનો પરદાફાશ થતાં હડકંપ મચી જવા પામ્યો છે. ભાયલી રોડ ખાતે રહેતી ૨૩ વર્ષીય યુવતીએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે સયાજીગંજ વિસ્તારમાં આવેલ સિલ્વર લાઈન કોમ્પ્લેક્ષમાં વર્ષ ૨૦૨૩માં સ્વસ્તિક ડિજિટલ ઈન્વેસ્ટમેન્ટ કંપની ઓફિસ ખાતે નોકરીમાં જોડાઈ હતી. કંપનીનો માલિક ભરૂચ જંબુસરના ડાભા ગામનો વાહિદ બશીર ભટ્ટી હતો.

વાહિદ જુલાઈ ૨૦૨૩માં મને સયાજીગંજ રેલવે સ્ટેશન ઈન ગેટ ખાતે બર્ગરકિંગમાં નાસ્તો કરવા લઈ ગયો હતો. વાતચીતમાં વાહિદે મારા ફોટો પાડી લીધા હતા. જેથી, મેં તેને મારા ફોટો કેમ લીધા છે? તેમ કહેતા તે કહેવા લાગ્યો હતો કે, તું મને બહુ ગમે છે. એટલે ફોટો પાડ્યા છે. ઓગસ્ટ ૨૦૨૩માં હું ઓફિસ આવી ત્યારે ઓફિસે કોઈ નહોતું. તે દરમિયાન વાહિદે મને તેની કેબિનમાં બોલાવી જબરજસ્તી દુષ્કર્મ આચર્યું હતું. તેણે કહ્યું હતું કે, કોઈને આ બાબતે જાણ કરીશ તો તારો વીડિયો વાઈરલ કરી દઈશ. તને બદનામ કરીશ.

જેથી હું ડરી ગઈ હતી. નવેમ્બર ૨૦૨૩માં વાહિદ મને ધમકાવી કુબેર ભવન ખાતે લઈ ગયો હતો અને ત્યાં મારા ફોટો-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી લગ્નની નોંધણી કરાવી હતી. મેં તેને લગ્ન માટે ના પાડી દીધી હતી. ત્યાં તેણે મને ફરી ફોટો- વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી હતી અને તેના કહેવાથી મેં લગ્નના ફોર્મ પર સહી કરી આપી હતી. લગ્ન કર્યા બાદ વાહિદના ઈરાદા સારા ન હોવાનું જણાતા મેં મારાં માતા-પિતાને આ અંગે જાણ કરી દીધી હતી અને લગ્ન નોંધણી કેન્સલ કરાવી દીધી હતી.

યુવતીએ ફરિયાદમાં વધુ કહ્યું છે કે, ઓક્ટોબર ૨૦૨૩માં હું જ્યારે ઓફિસમાં હતી. તે વખતે તેણે મારા ફોટો તથા વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી તેની ઓફિસ નીચે આવેલા પાર્કિંગમાં બોલાવી હતી.

વાહિદ ત્યાં કારમાં હતો. તેણે મને કારમાં બોલાવી ત્યાં પણ મને ધમકાવી દુષ્કર્મ આચર્યું હતું. નરાધમ વાહિદ યુવતીને નોકરી પણ છોડવા દેતો નહોતો. તે યુવતીને ધમકાવતો હતો કે, તું નોકરી છોડીશ કે અન્ય કોઈને વાત કરીશ તો તારા ફોટો વાઈરલ કરી દઈશ.

જોકે, તે બાદ કોઈ ત્રાહિત વ્યક્તિએ જ વાહિદ સાથેના ફોટા યુવતીના પિતાને મોકલી દીધા હતા. જેના કારણે યુવતી ડઘાઈ ગઈ હતીપયુવતીએ વાહિદને કોઈને સાથે ફોન કરતાં સાંભળ્યો હતો કે તે તેને ૨૨ લાખ રૂપિયામાં દુબઈ વેચવાનો કારસો ઘડી રહ્યો છે જેથી યુવતીએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે યુવતીની ફરિયાદના આધારે વાહિદ ભટ્ટીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ પણ મેળવ્યા હતા. હાલમાં રિમાન્ડ પુરા થતાં કોર્ટે આરોપી વાહિદને સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો છે.

મહત્વની વાત છે કે રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં લવ જેહાદનું ષડયંત્ર ચાલી રહ્યું છે, જેમાં વાહિદે યુવતીને બ્લેકમેઈલ કરી તેને વેચવાનો પણ કારસો ઘડી નાખ્યો હતો, ત્યારે શું વાહિદ કોઈ ઈન્ટરનેશનલ નેટવર્ક સાથે સંકળાયેલ છે તે તપાસનો વિષય બને છે, સાથે જ વાહિદની મદદ કરનાર કોણ છે તે પણ પોલીસે તપાસ કરવી જોઈએ

# ગેનીબેન ઠાકોરની રાજકોટ એઈમ્સના સભ્ય તરીકે નિમણૂક

નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકારે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરની રાજકોટ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)ના સદસ્ય તરીકે નિમણૂક કરી છે. આ નિમણૂક સાથે, ગેનીબેન ઠાકોર હવે દેશની પ્રતિષ્ઠિત મેડિકલ સંસ્થાના નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાની પણ એઈમ્સના સદસ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે. ગેનીબેન ઠાકોરની નિમણૂકને લઈને સ્થાનિક રાજકીય અને આરોગ્ય વર્તુળોમાં હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. ઘણા લોકોએ આશા વ્યક્ત કરી છે કે એઈમ્સના પદ પર રહીને ગેનીબેન દર્દીઓની સેવામાં અગ્રેસર રહેશે. આ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને ૬૭,૧૮૮૩ મત મળ્યા હતા, અને ભાજપના ઉમેદવાર ડૉ. રેખાબેન ચૌધરીને ૬૪,૧૪૭૭ મત મળ્યા હતા. આ ચૂટણીમાં ગેનીબેન ઠાકોરે ભાજપના ઉમેદવારને ૩૦,૪૦૬ મતોની લીડથી હરાવી દીધા અને પ્રથમવાર બનાસકાંઠા બેઠક પર કબજો કર્યો. આ સાથે ગુજરાતમાં કોંગ્રેસી કાર્યકર્તાઓમાં નવો જુસ્સો અને જોમ ભરાયો છે. ગેનીબેને બાજી મારતા ૬૨ વર્ષ બાદ બનાસકાંઠાને મહિલા સાંસદ મળ્યા છે. ૧૯૬૨ બાદ પ્રથમ વખત બનાસકાંઠા બેઠક પરથી મહિલાને સંસદમાં જવાનો મોકો મળ્યો. ૧૯૬૨માં ઝોહરાબેન ચાવડા કોંગ્રેસની ટિકિટ પર સાંસદ તરીકે ચૂંટાયા હતા. ગેની ઠાકોર જેમનું પૂરું નામ ગેનીબેન નાગાજી ઠાકોર છે, ગેનીબેન ઠાકોર કોંગ્રેસ પક્ષના મહિલા રાજકારણી અને ઉમેદવાર છે જે ગુજરાત વિધાનસભાની વાવ બેઠકના ધારાસભ્ય પણ છે.

ગેનીબેને ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાંથી ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડી હતી અને ભારતીય જનતા પાર્ટીના શંકર ચૌધરી સામે વિજય મેળવ્યો હતો. ૨૦૧૭માં તેમણે વાવ મતવિસ્તારમાંથી કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડી હતી અને ૬૬૫૫ મતની સરસાઈ સાથે જીત મેળવી હતી. ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ફરીથી વાવ બેઠક પરથી ચૂંટાયા હતા. ગેનીબેને ઠાકોર સમાજની અપરિણીત યુવતીઓ માટે મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું.તેમણે કહ્યું હતુ કે યુવતીઓને માટે મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો કઈ ખોટો નથી સાથેના નિવેદનો બાદ તેઓ ચર્ચામાં આવ્યા હતા.

# વૃક્ષો ઉપર લટકતી કારો, પાણીમાં મૃતદેહો તણાઈ રહ્યાં છે વાયનાડમાં ભયાનક વિનાશ વચ્ચે બચાવ પ્રયાસો ચાલુ

## હવામાન ખાતાએ કેરળમાં હવામાનની સ્થિતિનું પુર્નઃ મૂલ્યાંકન કર્યું છે અને વાયનાડ, ઇડુક્કી, થ્રિસુર, પલક્કડ, મલપ્પુરમ, કોઝિકોડ, કન્નુર અને કાસરગોડ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કર્યું છે



તિરૂવનંતપુરમ, તા.૩

૩૦ જુલાઈની વહેલી સવારે કેરળના વાયનાડ જિલ્લામાં સતત વિનાશક ભૂસ્ખલન થયું, જેના કારણે આ પ્રદેશમાં તબાહી મચી ગઈ છે. મુંડાકાઈ એસ્ટેટ વિસ્તારમાં સવારે ૩ વાગ્યાની આસપાસ અવિરત ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું. ભૂસ્ખલનથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૫૦ થઈ ગઈ છે. પડકારજનક પરિસ્થિતિને કારણે અસરગ્રસ્તો સુધી પહોંચવા માટે સંઘર્ષ કરી રહેલા ઈમરજન્સી રિસ્પોન્સર્સે બચાવ પ્રયાસો ફરી શરૂ કર્યા છે. રસ્તાઓ ધોવાઈ ગયા છે અને એક મહત્ત્વપૂર્ણ પુલ ધોવાઈ ગયો છે, જે આ વિસ્તારોને દુર્ગમ બનાવે છે. આ ભંગાર વચ્ચે પૂરના પાણીમાં વહી ગયેલા ઝાડના થડ ઉપર લટકેલા અથવા આંશિક રીતે ડૂબી ગયેલા વાહનોના ભયજનક દૃશ્યો બહાર આવ્યા છે. લોકોના શરીરના અંગો અને બાળકના અવશેષો પણ પૂરના પાણીમાં તરતા મળી આવ્યા છે.

કેરળના મુખ્યપ્રધાન પિનરાઈ વિજયને મીડિયાને સંબોધિત કરતા પરિસ્થિતિ અંગે અપડેટ પ્રદાન કર્યું હતું. તેમણે જાહેરાત કરી કે, જિલ્લામાં આશરે ૩૦૬૯ વિસ્થાપિત લોકો માટે ૪૫ રાહત શિબિરોની સ્થાપના કરવામાં આવી છે. ૩૪ મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી ૧૮ તેમના પરિવારોને પરત કરવામાં આવ્યા છે. તદુપરાંત પોથુકલ ગામ નજીક ચલિયાર નદીમાંથી ૧૬ મૃતદેહો મળી આવ્યા હતા અને ચાલુ શોધ અને બચાવ કામગીરી દરમ્યાન શરીરના વધારાના અંગો મળી આવ્યા હતા. મુખ્યપ્રધાને લોકોને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાનું ટાળવા માટે પણ વિનંતી કરી છે. કેરળના મુખ્ય સચિવ ડો.વી. વેણુએ જાહેરાત કરી છે કે, રાજ્ય બે દિવસનો સત્તાવાર શોક મનાવશે. આ સમય દરમ્યાન તમામ જાહેર ઉજવણીઓ અને તહેવારોની પ્રવૃત્તિઓ સ્થગિત કરવામાં આવશે. વાયનાડ ભૂસ્ખલનમાંથી આશરે ૨૬ મૃતદેહો આપત્તિ સ્થળથી કિલોમીટર દૂર પડોશી જિલ્લા મલપ્પુરમમાં ચલિયાર નદીના વિવિધ ભાગોમાં તરતા મળી આવ્યા હતા. ફાયર બ્રિગેડ હજુ આદિવાસી વસાહત સુધી પહોંચી શકી નથી.

આ આપત્તિના સમયમાં આર્મી અને ચાર નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ટીમોને અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી હતી. સંરક્ષણ જનસંપર્ક અધિકારીએ જાહેર કર્યું કે ૧૨૨ પાયદળ બટાલિયન (ટેરિટોરિયલ આર્મી) MADRASના ૪૩ કર્મચારીઓની એક વિશેષ ટીમ, તેમના સેકન્ડ-ઈન-કમાન્ડના નેતૃત્વ હેઠળ, બચાવ કામગીરીને સમર્થન આપવા માટે આવી છે. આ ટીમ શોધ અને બચાવ પ્રયાસોમાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. રાજ્ય પોલીસ અને અગ્નિશમન સેવાઓ સહિતની સ્થાનિક એજન્સીઓ પણ બચાવ અને રાહત કામગીરીમાં સામેલ છે. આપત્તિનો સામનો કરવા આર્મી અને NDRF સાથે નજીકથી સંકલન કરી રહ્યા છે.

તિરૂવનંતપુરમમાં પોલીસ હેડક્વાર્ટર ખાતે એક ખાસ કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે, જે હવે ૨૪ કલાક કાર્યરત છે. રાજ્ય પોલીસ વડાની સીધી દેખરેખ હેઠળ કાર્યરત આ કંટ્રોલ રૂમને માહિતી આપવા માટે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેના સંપર્ક નંબરો ૯૪૯૭૯૦૦૪૦૨ અને ૦૪૭૧ ૨૭૨૧૫૬૬ છે. વાયનાડમાં બચાવ કામગીરીને શરૂઆતમાં નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડ્યો છે. આ વિક્ષેપને કારણે બચાવ ટુકડીઓ માટે જરૂરિયાતમંદોને પહોંચવામાં અને મદદ કરવી મુશ્કેલ બની હતી. જો કે, સાંજ સુધીમાં આર્મીએ લોખંડનો પુલ બનાવ્યો હતો. ગાઢ ધુમ્મસને કારણે હેલિકોપ્ટર ઊડી શક્યા આરોગ્ય વિભાગે કટોકટીની સહાયતા માટે કંટ્રોલ રૂમની સ્થાપના કરી છે અને જરૂરિયાતમંદ લોકો માટે બે સંપર્ક નંબરો પ્રદાન કર્યા છે : ૯૬૫૬૯૩૮૬૮૯ અને ૮૦૮૬૦૧૦૮૩૩.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને વાયનાડના મેપ્પડીના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તાર માટે પાંચ કરોડ રૂપિયાની તાત્કાલિક સહાયને મંજૂરી આપી છે. સ્ટાલિને અંગત રીતે કેરળના સીએમ વિજયનને ફોન કરીને દુઃખ વ્યક્ત કર્યું અને શોક વ્યક્ત કર્યો છે. તેમણે વિજયનને આપત્તિમાં તમિલનાડુના સંપૂર્ણ સમર્થન અને સહકારની ખાતરી આપી હતી. આ ભંડોળ તમિલનાડુના મુખ્યપ્રધાન ડિસ્ટ્રેસ રિલીફ ફંડમાંથી ફાળવવામાં આવી રહ્યું છે. રાહત પ્રયાસોને સરળ બનાવવા માટે સ્ટાલિને વરિષ્ઠ IAS અધિકારીઓ કે.એસ. સમીરન અને જોની ટોમ વર્ગીસના નેતૃત્વમાં ન હતા. હવાઈ બચાવ કામગીરીમાં અવરોધ આવ્યો છે. જો કે, સાંજે હવામાન સાફ થતાં ભારતીય વાયુસેના ફસાયેલા લોકોને બચાવવા માટે હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા હતા. બચાવ કામગીરી આખી રાત ચાલુ રહેવાની અપેક્ષા છે કારણ કે, ટીમો આપત્તિથી પ્રભાવિત દરેક વ્યક્તિ સુધી પહોંચવા માટે અથાક મહેનત કરે છે. આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે વાયનાડ અને મલપ્પુરમ અને કોઝિકોડના નજીકના જિલ્લાઓમાં તબીબી સુવિધાઓ વધારવાના નિર્દેશો જારી કર્યા છે. રાજ્યનો આરોગ્ય વિભાગ વાયનાડમાં વધારાનો સ્ટાફ તૈનાત કરી રહ્યું છે, જેમાં કોઝિકોડ અને કન્નુરની મેડિકલ ટીમો અને થ્રિસુર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સર્જરી અને ઓર્થોપેડિક્સ વિભાગના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. રાહત પ્રયાસોને ટેકો આપવા માટે નર્સોને પણ વાયનાડની હોસ્પિટલોમાં મોકલવામાં આવી રહી છે. મંત્રીએ રજા ઉપર ગયેલા તમામ આરોગ્ય કર્મચારીઓને તાત્કાલિક ફરજ ઉપર પાછા ફરવા અને વાયનાડમાં ચાલી રહેલી કામગીરીમાં મદદ કરવા જણાવ્યું છે. કેરળ મેડિકલ સર્વિસ કોર્પોરેશન લિમિટેડ આ પ્રદેશમાં દવાઓ, ઉપભોજ્ય વસ્તુઓ અને તબીબી સાધનોનો વધારાનો પુરવઠો મોકલી રહી છે. વધુમાં કન્નુરના લશ્કરી ડોક્ટરો તબીબી પ્રતિસાદમાં મદદ કરવા પહોંચ્યા છે. કેરળના અધિકારીઓની એક ટીમને વાયનાડ મોકલી છે. વધુમાં ફાયર બ્રિગેડના સંયુક્ત નિર્દેશકની આગેવાની હેઠળ ૨૦ બચાવ કર્મચારીઓની એક ટીમ અને પોલીસ અધિક્ષકની દેખરેખ હેઠળ ૨૦ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્મચારીઓને રવાના કરવામાં આવી છે. આ ટીમમાં ૧૦ ડોક્ટરો અને નર્સોનું મેડિકલ યુનિટ સામેલ છે. સ્ટાલિને ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાહત કામગીરીમાં મદદ કરવા માટે આ ટીમો કેરળના અધિકારીઓ સાથે સહયોગ કરશે. કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાએ વાયનાડમાં વિનાશક પૂરમાં પડકારજનક સમયમાં કેરળને તમામ શક્ય મદદ આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

ભારતીય હવામાન વિભાગ (IMD)એ કેરળમાં હવામાનની સ્થિતિનું પુર્નઃ મૂલ્યાંકન કર્યું છે અને વાયનાડ, ઈડુક્કી, થ્રિસુર, પલક્કડ, મલપ્પુરમ, કોઝિકોડ, કન્નુર અને કાસરગોડ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. આ ચેતવણી અત્યંત ભારે વરસાદની આગાહી કરે છે, અલગ-અલગ વિસ્તારોમાં આગામી ૨૪ કલાકમાં ૨૦૪ મીમીથી વધુ વરસાદ થવાની સંભાવના છે. IMD અનુસાર ટૂંકાગાળામાં આટલો તીવ્ર વરસાદ અચાનક પૂર અને કેરળમાં ભૂસ્ખલન તરફ દોરી શકે છે. જાહેર જનતા અને સરકારી તંત્રોને અત્યંત સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે.

### 'સખી સંવાદ' કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સ્વ-સહાય જૂથની બહેનો સાથે વાર્તાલાપ

# સખીમંડળો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખવા માટે આહ્‌વાન

## મંડળો દ્વારા તૈયાર થતી ચીજવસ્તુઓના ઉત્પાદનથી માર્કેટિંગ સુધીની ચેઈન ઊભી કરવા મળશે સહયોગ



ગાંધીનગર,તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ વિસ્તારોના સ્વ-સહાય જૂથ સખીમંડળની નારીશક્તિને પ્રોત્સાહિત કરતાં તેમના મંડળોના ઉત્પાદનો, ચીજ વસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખી વધુને વધુ લોકોનો વિશ્વાસ સંપાદિત કરવા પ્રેરક આહવાન કર્યું હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, લોકોને સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ મળે તો સખીમંડળની શાખ, પ્રતિષ્ઠા વધશે અને તેમના ઉત્પાદનોનું વેચાણ માઉથ ટુ માઉથ પબ્લિસિટીથી આપોઆપ ઊંચું જશે જ. ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ સખી સંવાદમાં ૨૮ હજાર સ્વ-સહાય જૂથોની પોણા ત્રણ લાખથી વધુ ગ્રામીણ બહેનોને કુલ મળીને રૂા. ૩૫૦ કરોડના સહાય લાભનું મુખ્યમંત્રીએ વિતરણ કર્યું હતું. તેમણે ગ્રામ્ય સખીમંડળ બહેનો સાથે સંવાદ પણ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સખીમંડળ દ્વારા બનાવવામાં આવતી ચીજ વસ્તુઓના ઉત્પાદનથી માંડીને માર્કેટિંગ સુધીની એક આખી ચેઈન ઊભી કરવા સાથે પ્રોડક્ટ્સ માર્કેટિંગમાં આવતી નાની-મોટી સમસ્યા હલ કરવા માટે પણ સરકાર પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો. મુખ્યમંત્રીએ અર્થતંત્રમાં મહિલાઓના યોગદાનને વેગ આપવા સાથે વુમન એમ્પાવરમેન્ટ માટે વડાપ્રધાનશ્રીએ 'ગ્યાન' એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ એમ ચાર સ્તંભના વિકાસ ઉપર દેશની વિકાસગતિ તેજ બનાવવા નિર્ધાર કર્યો છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, દેશભરમાં માતા-બહેનોને આર્થિક રીતે પગભર કરવા ૩ કરોડ લખપતિ દીદી બનાવવાનો વડાપ્રધાનો સંકલ્પ છે અને ગુજરાતે આવી ૭.૫૦ લાખ બહેનોને લખપતિ દીદી બનાવવાનો નિર્ધાર કર્યો છે. તેમણે વિકસિત ભારત૨૦૪૭ના નિર્માણમાં ગ્રામીણ નારીશક્તિ સ્વ-સહાય જૂથોનું યોગદાન મહત્વનું બની રહેશે તેઓ વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રી સાથે સંવાદમાં સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા રજૂ કરાયેલી માંગણીને રાજ્ય સરકાર હકારાત્મક પ્રતિભાવ આપી તેમને મદદરૂપ થવા હંમેશા તત્પર છે, તેવી ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે ખાતરી આપતા જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સ્વ-સહાય જૂથોને માળખાકીય સુવિધા, બેંક ધિરાણ અને સહાય ઉપલબ્ધ કરાવી, ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને સ્વરોજગારીની તકો પૂરી પાડી રહી છે. આ ઉપરાંત મુખ્યમંત્રીએ સ્વ-સહાય જૂથની મહિલાઓ સરસ મેળામાં ભાગ લેવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે તે માટેના નવીન પોર્ટલ તેમજ સ્વચ્છ ભારત મિશન હેઠળ ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે એવોર્ડમાં ભાગ લેવા માટેના નવીન નિર્મળ ગુજરાત ૨.૦ એવોર્ડ પોર્ટલનું લોન્ચીંગ કર્યું હતું. મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીએ સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલા ૩૩ જિલ્લાના ૩૩ સ્ટોલની મુલાકાત લઈ તેની માહિતી મેળવી ઉત્પાદન વિશે બહેનો સાથે સંવાદ કર્યો હતો.

# રાજ્યમાં અનેક સ્થળોએ આજથી ભારેથી અતિભારે વરસાદની આગાહી

## ગુજરાતમાં અત્યારસુધીમાં સિઝનનો ૬૦.૭૮ ટકા વરસાદ

અમદાવાદ, તા.૩

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે તો અનેક સ્થળોએ સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે ત્યારે વધુ એક રાજ્યમાં મેઘો ધમાકેદાર ઈનિંગ રમવાની તૈયારી કરી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સિઝનનો એવરેજ ૬૦.૭૮ ટકા વરસાદ વરસ્યો છે જ્યારે આગામી ૨ ઓગસ્ટથી રાજ્યમાં અનેક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદી સિસ્ટમ સક્રિય થતા ૬ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર આગામી બે દિવસ દરમ્યાન ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે જ્યારે ગુજરાતના કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત, ડાંગ, નવસારી, તાપી સહિત અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી શકે છે. સોરાષ્ટ્રમાં પણ ફરી વિરામ બાદ વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થશે. હવામાન વિભાગની આગાહી મુજબ ખાસ કરીને અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ અને દીવમાં પણ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ભારે વરસાદને લઈને આ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં વરસાદની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પ્રતિકલાક ૩૫થી ૪૫ કિલોમીટરની ઝડપે પવન સાથે વરસાદ વરસી શકે છે. જેના પગલે હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે. રાજ્યના કુલ ૨૦૭ પૈકી ૪૮ જળાશયો હાઉસફુલ થયા છે. સૌરાષ્ટ્રના ૩૫, કચ્છ અને દક્ષિણ ગુજરાતના છ-છ જળાશયો સંપૂર્ણ ભરાયા છે તો ૨૦૭ જળાશયોમાં કુલ ૫૦.૭૬ ટકા જળસંગ્રહ છે. રાજ્યના ૭૫ જળાશયો હાઈએલર્ટ, એલર્ટ અને વોર્નિંગ ઉપર છે. જેમાંથી ૯૦ ટકાથી વધુ ભરાયેલા છે તો ૫૩ જળાશયો હાઈ એલર્ટ ઉપર છે. ૮૦થી ૯૦ ટકા ભરાયેલા ૧૦ જળાશયો એલર્ટ ઉપર છે. તો ૭૦થી ૮૦ ટકા ભરાયેલા ૧૨ જળાશયો વોર્નિંગ ઉપર છે. ચોમાસાની સિઝનનો રાજ્યમાં અત્યાર સુધીમાં વરસેલા વરસાદની વાત કરીએ તો ૫૯.૩૩ ટકા રાજ્યમાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ કચ્છમાં ૭૬.૪૫ ટકા, તો સૌરાષ્ટ્રમાં સિઝનનો અત્યાર સુધીમાં ૭૪.૪૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૬૯.૫૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. તો મધ્ય ગુજરાતમાં ૪૭.૮૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૩૮.૭૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

# જાહેર ક્ષેત્રની બેંકની પેનલ્ટી ગરીબ, મધ્યમ વર્ગના ખિસ્સા ખાલી કરી રહી છે : પ્રિયંકા ગાંધી



નવી દિલ્હી, તા.૩


કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ ગ્રાહકોને તેમના બેંક ખાતામાં લઘુત્તમ થાપણો ન રાખવા બદલ દંડ ફટકારવા માટે કેન્દ્ર સરકાર ઉપર નિશાન સાધ્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકાર, જેણે ઉદ્યોગપતિ મિત્રોના ૧૬ લાખ કરોડ રૂપિયા માફ કર્યા હતા તે ગરીબ અને મધ્યમ વર્ગના ખિસ્સા ઉપર તરાપ મારી મારી રહી છે. નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ સોમવારે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, જાહેર ક્ષેત્રની બેંકોએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં સરેરાશ માસિક લઘુત્તમ થાપણો ન રાખવા બદલ થાપણદારો ઉપર ૨૩૩૧ કરોડ રૂપિયાનો દંડ લગાવ્યો છે. પ્રિયંકા ગાંધીએ પોસ્ટ કરી હતી પાંચ વર્ષમાં જાહેર ક્ષેત્રની બેંકોએ મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ સામાન્ય લોકો પાસેથી રૂા.૮૫૦૦ કરોડ એકત્ર કર્યા હતા. તેમણે કહ્યું, બેંકમાં લઘુત્તમ બેલેન્સ જાળવવાની સમસ્યા એ એવા વર્ગની છે કે, જેમની પાસે પૈસા નથી, તેમની પાસે મર્યાદિત આવક છે અને તેઓ કોઈક રીતે પોતાના પરિવારનું સંચાલન કરે છે. ઈન્દિરા ગાંધીજીએ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું જેથી કરીને ગરીબોને મદદ કરી શકાય અને તેમની પાસેથી ઉચાપત ન થાય.

# ઝિકા વાયરસનું પરીક્ષણ હવે રાજકોટની AIIMSમાં થઈ શકશે ; માત્ર ૨૪ કલાકમાં જ ઉપલબ્ધ થશે પરિણામ

અમદાવાદ, તા.૩

અધિકારીના જણાવ્યું અનુસાર, ગુજરાતના રાજકોટમાં આવેલ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)ને ઝિકા વાયરસની તપાસ માટેની સુવિધા તરીકે માન્યતા આપવામાં આવી છે, જેનાથી મહારાષ્ટ્રમાં પુણે ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી (NIV)ને સ્વેબ સેમ્પલ મોકલવાની જરૂરિયાત ઓછી થઈ છે. AIIMS રાજકોટ ખાતે માઈક્રોબાયોલોજીના પ્રોફેસર અને વિભાગના વડા અશ્વિની અગ્રવાલે જણાવ્યું હતું કે, 'અમારા કેન્દ્રને ઝિકા વાયરસની તપાસ માટે (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા) માન્યતા આપવામાં આવી છે. અમને NIV તરફથી કિટ મળી છે અને અમે ટૂંક સમયમાં પરીક્ષણો શરૂ કરવા જઈ રહ્યા છીએ.' અગ્રવાલે માહિતી આપી હતી કે, રાજકોટમાં એઈમ્સમાં નવું પરીક્ષણ કેન્દ્ર આવતા સપ્તાહથી કાર્યરત થઈ જશે. કેન્દ્ર સરકારે AIIMS રાજકોટ ખાતે એક બાયોસેફટી લેબોરેટરીને પણ મંજૂરી આપી છે જે અત્યંત ચેપી અને પેથોજેનિક સજીવોની પણ ઓળખ કરી શકે છે. તેમણે કહ્યું કે, 'BSL 3 (બાયોસેફ્ટી લેવલ ૩) લેબને મંજૂરી આપવામાં આવી છે અને તેનું બાંધકામ આવતા મહિને શરૂ થશે.'

AIIMS રાજકોટ ખાતે ઝિકા વાયરસ પરીક્ષણ માટેનું કેન્દ્ર કાર્યરત થયા બાદ શંકાસ્પદ કેસોના સેમ્પલના પરિણામો ૨૪ કલાકમાં જાણવા મળશે. જ્યારે ગુજરાતમાંથી નમૂનાઓ પુણે સ્થિત NIVમાં મોકલવામાં આવ્યા હતા, ત્યારે પરિણામ જાણવામાં એક અઠવાડિયાથી એક મહિના સુધીનો સમય લાગ્યો હતો. ઝિકા વાયરસ રોગ ચેપગ્રસ્ત એડીસ મચ્છરના




કરડવાથી ફેલાય છે, જે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા ચેપને પ્રસારિત કરવા માટે પણ જાણીતો છે. ૧૯૪૭માં યુગાન્ડામાં આ વાયરસની પ્રથમ ઓળખ થઈ હતી. આરોગ્ય રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે રાજ્યસભામાં જણાવ્યું કે, આ વર્ષે ૨૨ જુલાઈ સુધી ઝિકા વાયરસના ૧૩ કેસ નોંધાયા હતા, જેમાં કર્ણાટકના ત્રણ અને મહારાષ્ટ્રના ૧૦ કેસ નોંધાયા હતા. ૨૦૨૩માં દેશમાં ઝિકા વાયરસના ૨૩ કેસ જોવા મળ્યા હતા, જ્યારે ૨૦૨૨માં બે ચેપ અને ૨૦૨૧માં ૨૩૪ કેસ જોવા મળ્યા હતા. ગુજરાતમાં છેલ્લે ૨૦૧૭માં આ રોગના ત્રણ કેસ નોંધાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે ગુજરાતની પ્રથમ AIIMSનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ૨૦૧ એકરમાં ફેલાયેલી રાજકોટ AIIMSએ ICU સહિત ૭૨૦ પથારીવાળી વિશ્વ કક્ષાની હોસ્પિટલ છે, જેને મલ્ટિસ્પેશિયાલિટી મેડિકલ ફેસિલિટી રૂા.૧૧૯૫ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી.

# પ્રદૂષિત રસોઈ ઈંધણને લીધે ભારતમાં શિશુના સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું થાય છે : અભ્યાસ

(એજન્સી) તા.૩

એક નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ભારતમાં દર ૧,૦૦૦ બાળકોમાંથી ૨૭ બાળકો ગંદા રસોઈ ઈંધણના સંપર્કને કારણે મૃત્યુ પામે છે. આ અભ્યાસ કોર્નેલ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. ૨૦૨૩માં બહાર પાડવામાં આવેલા છઠ્ઠા વાર્ષિક વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ અનુસાર સૌથી ખરાબ વાયુ પ્રદૂષણ ધરાવતા ટોચના ૧૦૦ શહેરોમાંથી ૮૩ ભારતમાં છે. આ તમામ શહેરોમાં પ્રદૂષણનું ઉચ્ચ સ્તર છે જે વિશ્વ આરોગ્ય સંસ્થાના હવા ગુણવત્તા માર્ગદર્શિકા કરતાં ૧૦ ગણું વધારે છે. મોટાભાગે, માત્ર બહારના હવાના પ્રદૂષણને જ ધ્યાનમાં લેવામાં આવે છે, જો કે, નબળી ઈન્ડોર હવાની ગુણવત્તા વધુ ખરાબ હોય છે. એન્વાયર્નમેન્ટલ પ્રોટેકશન એજન્સી અને અન્ય સંસ્થાઓ કહે છે કે, આવું એટલા માટે છે કારણ કે મોટાભાગના લોકો તેમનો મોટાભાગનો સમય ઘરમાં વિતાવે છે. ચાર્લ્સ એચ. ડાયસન સ્કૂલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ એન્ડ મેનેજમેન્ટના પ્રોફેસર અને "ભારતમાં રસોઈ ઈંધણની પસંદગી અને બાળ મૃત્યુદર"ના લેખક, અર્નબ બસુએ જણાવ્યું હતું કે, યુવાનોના જીવ ગુમાવવાના સંદર્ભમાં ઘરો માટે આ બાયોમાસ ઈંધણનો ઉપયોગ કરવા માટે મૂલ્યવાન અંદાજ આપે છે. અમે ૨૫ વર્ષથી વધુ સમયથી રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધી ડેમોગ્રાફિક અને હેલ્થ સર્વે ડેટાનો ઉપયોગ કરીએ છીએ. આ એક વ્યાપક ડેટાસેટ છે અને અમે ઘરો દ્વારા ઉપયોગમાં લેવાતા તમામ પ્રકારના પ્રદૂષિત ઈંધણને ઓળખવામાં સક્ષમ છીએ. આ અભ્યાસ માટે, સંશોધકોએ ૧૯૯૨થી ૨૦૧૬ સુધીના મોટા પાયે ઘરગથ્થુ સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરીને દૂષિત રસોઈ ઈંધણ ઉપર નિર્ભરતા નક્કી કરી હતી. તેઓએ જોયું કે એક મહિનાથી ઓછી ઉંમરના શિશુઓમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. બાસુ કહે છે કે, આ એક વય જૂથ છે, જ્યાં ફેફસાં સંપૂર્ણ રીતે વિકસિત હોતા નથી અને જ્યારે શિશુઓ તેમની માતાઓ સાથે સૌથી વધુ નજીક હોય છે અને મોટાભાગના ઘરોમાં માતા રસોઈ ઘરમાં હોય છે. બસુએ કહ્યું હતું કે ભારતીય ઘરોમાં છોકરાઓ કરતાં છોકરીઓમાં મૃત્યુદર ઘણું વધારે છે. આ એટલા માટે નથી કારણ કે છોકરીઓ વધુ નાજુક હોય છે અથવા પ્રદૂષણ-સંબંધિત શ્વસન બિમારીઓ માટે સંવેદનશીલ હોય છે, પરંતુ ભારતમાં પુત્રની પસંદગી હોય છે અને જ્યારે નાની પુત્રી બીમાર પડે અથવા ઉધરસ શરૂ થાય ત્યારે પરિવારો તેની સારવાર જલ્દી લેતા નથી. બાસુએ કહ્યું હતું કે, સ્વચ્છ ઈંધણનો વપરાશ કરવાથી બાળકોના સ્વાસ્થ્ય ઉપર હકારાત્મક અસર થશે અને દીકરીઓની આ ઉપેક્ષાને પણ દૂર થશે.

# રાજ્ય સરકારે ખાસ કિસ્સા અંતર્ગત ગ્રાસીમની રેયોન કંપનીના ૨૮૦ કરોડ માફ કરીને મોટો ભ્રષ્ટાચાર આચર્યો

## વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ કરેલ ભલામણોની અવગણના કરીને રાજ્ય સરકારે ખાસ કિસ્સા તરીકે પ્રજાહિતને નુકસાન પહોંચાડી ઉદ્યોગપતિને ફાયદો કરાવ્યો હોવાનો પુંજાભાઈ વંશનો આક્ષેપ

## સમિતિની ભલામણથી કંપનીની મિલ્કત ઉપર નખાયેલ બોજાની રકમ પણ ન વસુલી સરકારે પોતાના ગજવા ભર્યા હોવાનો આક્ષેપ કર્યો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

ગુજરાત સરકારે સુનિયોજીત કૌભાંડ આચરીને વેરાવળ સ્થિત ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝની રેયોન કંપનીને ખાસ કિસ્સાના નામે ૨૮૦ કરોડ જેવી માતબર રકમ માફ કરીને લ્હાણી કરી હોવાનો ગંભીર આક્ષેપ પુર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશએ કરતા જણાવેલ કે, વિધાનસભાની જાહેર હિસાબ સમિતિની ભલામણોને નજર અંદાજ કરીને ગુજરાત સરકારે ખાસ કિસ્સામાં કંપનીની કરોડોની રકમ માફ કરી હોય તેવો આ રાજ્યનો પ્રથમ કિસ્સો છે. જેથી સરકારના કથિત કૌભાંડ સામે હાઈકોર્ટના દ્વાર પણ ખખડાવાની ચીમકી ઉચ્ચારી છે. વેરાવળ સ્થિત ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝની રેયોન કંપનીના પાણીના બાકી લેણાં પેટે રાજ્ય સરકારે રૂા.૪૩૪.૭૧ કરોડ વસૂલવાના હતા. આ કિસ્સામાં ગુજરાત સરકારે ગ્રાસીમ કંપનીને ફાયદો કરાવવા સરકાર ષડયંત્ર રચીને કરોડોની રકમ માફ કરી દીધી છે. જેને લઈ આજે પુર્વ ધારાસભ્ય અને વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના પુર્વ અધ્યક્ષ પૂંજાભાઈ વંશએ પત્રકાર પરિષદમાં જણાવેલ કે, વેરાવળની રેયોન કંપનીએ પાણી માટે જમીન માંગતા હિરણ-૨ ડેમ પાસે સરકારે ફાળવી દઈ સંપ બનાવવા મંજુરી આપી હતી. તે જગ્યાએ કબ્જો લેવાના બદલે કંપનીએ ઉમરેઠી ગામના પાદરમાં અન્ય જમીન ઉપર ગેરકાયદેસર દબાણ કરીને ગેરકાયદેસર કુવો બનાવી નાંખી પાણી લઈ રહી હતી. ત્યારે કંપની એવું કહે છે કે, પાણી તો અમે અમારૂં ઉપયોગ કરીએ છીએ એટલે પૈસા ભરવાના થતા નથી. જો કે, નિયમ મુજબ સિંચાઈ વિભાગ નદીના કાંઠેથી લેવાતા પાણીને સીપેજ તરીકે ગણીને તેનો ચાર્જ લેવાનો કાયદો છે. જેથી કાર્યપાલક ઈજનેર દ્વારા પાણીના દર બાબતે બિલો મોકલીને વસુલાત માટે ગ્રાસીમ કંપનીને નોટીસો પાઠવીને સને.૧૯૯૯ થી ૨૦૨૩ સુધીમાં ૪૩૪ કરોડ ૭૧ લાખની રકમ સરકારે કંપની પાસેથી વસુલવાની હતી. આ મુદો જયારે વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ સમક્ષ આવેલ ત્યારે તેની ઉંડાણપુર્વક તપાસ પણ કરવામાં આવી હતી. બાદમાં સમિતિની ભલામણથી સરકારે કંપનીની મિલ્કત ઉપર ૨૩૯ કરોડનો બોજો દાખલ કરેલો હતો. ત્યારે સરકારે આ રકમ વસુલવાના બદલે વ્યાજ-પેનલ્ટી મળીને રૂા.૪૩૪.૭૧ કરોડની થયેલ રકમ સામે રાજ્ય સરકારના જળસંપતિ વિભાગે ખાસ કિસ્સામાં કંપનીને રૂા.૨૮૦ કરોડ માફ કરી દઈ રૂા.૧૪૯ કરોડ જેવી રકમની વસુલાત કરી છે. ત્યારે સવાલ એ થાય છે કે સરકારને ગ્રાસીમ કંપની સાથે એવો કયો સંબંધ છે કે ૨૮૦ કરોડ જેવી માતબર રકમ માફ કરી દીધી છે.

આ કિસ્સામાં રાજ્ય સરકારે અગાઉથી કરેલ ગોઠવણ મુજબ કરોડોની રકમ માફ કરીને મોટો ભ્રષ્ટાચાર કર્યો છે. ત્યારે આ મામલે મુખ્યમંત્રી અને પાણી પુરવઠા મંત્રીએ કંપનીના ૨૮૦ કરોડ ક્યાં સંજોગોમાં અને શા માટે માફ કર્યા છે તેની સ્પષ્ટતા જનતા સમક્ષ કરવી જોઈએ. સરકારનો માફ કરવાનો નિર્ણય પ્રજાને નુકશાન થાય અને કંપનીને ફાયદો થાય તેવો હોવાથી આ મામલાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

આ મામલો જ્યારે જાહેર હિસાબ સમિતિ સમક્ષ આવેલ ત્યારે કલેકટરને બોલાવીને માહિતી લીધા બાદ કાર્યવાહી કરવા ભલામણ કરતા ૨૦૧૯ માં ગ્રાસીમ કંપનીની મિલ્કતમાં કલેકટરએ ૨૩૮ કરોડની રકમનો બોજો નાંખવાનો હુકમ કર્યો હતો. બાદમાં સમિતિના સભ્યોએ સ્થળ તપાસ કરેલ જેમાં રેકર્ડ ઉપરના તથ્યોને લઈ સામે આવેલ હક્કીત દર્શવાતો અહેવાલ વિધાનસભામાં ગત તા.૨૨-૩-૨૨ ના રોજ ત્રીજા અહેવાલમાં રજુ કરી દીધો હતો. આ કિસ્સામાં સર્કલથી લઈને કલેકટર અને જળસંપતિ વિભાગના જે જે અધિકારીઓએ કંપનીની તરફેણ કરી છે તેઓ સામે તપાસ કરીને કાર્યવાહી કરવા સમિતિએ ભલામણો કરી હતી. તેમ છતાં સમિતિએ કરેલ ભલામણોને અવગણીને રાજ્ય સરકારે કંપની પાસેથી લેણી રકમમાંથી ૨૮૦ કરોડ જેવી માતબર રકમ માફ કરી ભ્રષ્ટાચાર આચર્યો છે. આ રાજ્યનો પહેલો એવો કિસ્સો છે જેમાં મિલકત ઉપર બાકી રકમનો નખાયેલ બોજાની રકમ પૈકી મોટી ૧૦૭ કરોડ માફ કરી દીધા છે. આ મામલે હાઈકોર્ટના દ્વાર પણ ખખડાવવાની તૈયારી હોવાનું અંતમાં જણાવેલ હતુ. આ પરિષદમાં કોંગ્રેસના નેતા અમુભાઈ સોલંકી, હીરાભાઈ જોટવા, કરશનભાઈ બારડ, ડી.બી.સોલંકી સાથે રહ્યા હતા.

# ગુજરાત સહિત દેશભરમાં યોજાશે '૨૧મી પશુધન વસ્તી ગણતરી'

## સતત ૧૦૦ વર્ષથી પશુધન વસ્તી ગણતરી કરતો 'ભારત' વિશ્વનો એકમાત્ર દેશ

ગાંધીનગર તા. ૩

દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરવામાં તેમજ ખેડૂતોને આર્થિક સ્થિરતા પ્રદાન કરવામાં પશુપાલન વ્યવસાય અને વિવિધ સંવર્ગના પશુધન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાતના અનેક ખેડૂતો આજે પશુપાલન વ્યવસાય થકી સમૃદ્ધ બન્યા છે. પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસ માટેની નીતિઓ, કાર્યક્રમો તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓના ઘડતર ઉપરાંત અનેક મહત્ત્વના નિર્ણયો માટે પશુધન સંબંધિત અદ્યતન ડેટા સંગ્રહ હોવો ખૂબ જ જરૂરી છે. આ ડેટા એકત્રિત કરવા માટે ભારત સરકાર દ્વારા આગામી સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં "૨૧મી પશુધન વસ્તી ગણતરી" હાથ ધરવામાં આવશે.

૨૧મી પશુધન વસ્તી ગણતરીના અદ્યતન અને સચોટ ડેટાના આધારે આગામી પાંચ વર્ષ દરમિયાન ભારત સરકાર અને રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રનો વિકાસ સુનિશ્ચિત કરશે. પશુધનની સંખ્યા અને વિવિધ જાતોના આધારે નવી યોજના બનાવવામાં, જૂની યોજનામાં સુધારા કરવામાં, પશુ આરોગ્ય સેવાઓનો વધારો કરવામાં, આપત્તિના સમયે પશુ ચારાની આવશ્યકતા તેમજ પશુ રસીકરણ જેવી અનેક બાબતોમાં આ ડેટા આધારસ્તંભ બનશે.

**વિચરતા પશુઓનો પ્રથમવાર વસ્તી ગણતરીમાં સમાવેશ**

પશુધન વસ્તી ગણતરી દેશમાં પશુઓની વિવિધ જાતોના સચોટ ડેટાનો મુખ્ય સ્રોત છે. ભારતમાં વર્ષ ૧૯૧૯થી દર પાંચ વર્ષે પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે છે. ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે, જ્યાં ગત ૧૦૦ વર્ષથી સતત પશુધન વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરીમાં સામાન્ય રીતે તમામ પાળેલા પ્રાણીઓને આવરી લેવામાં આવે છે, પરંતુ ૨૧મી પશુધન વસ્તી ગણતરીમાં વિચરતા પશુપાલકોના પશુઓ, રખડતા પશુઓ, શ્વાન તથા પાંજરાપોળ, ગૌશાળા, સરકારી ફાર્મ અને ડેરી ફાર્મના પશુઓને પણ આવરી લેવામાં આવશે. જેમાં દેશભરની આશરે ૨૧૯ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે. દેશના આશરે એક લાખથી વધુ અધિકારી-કર્મચારીઓ આ વસ્તી ગણતરીમાં ડેટા એકત્ર કરવાના કામમાં જોડાશે.

**ગુજરાતની ૨૮ જેટલી પશુ જાતોની થશે ગણતરી**

ગુજરાત રાજ્યમાં ૨૮ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે, જે પૈકી ગાય સંવર્ગમાં ગીર, કાંકરેજ, ડગરી, ડાંગી અને નારી ઓલાદ, ભેંસ સંવર્ગમાં મહેસાણી, જાફરાબાદી, બન્ની અને સુરતી ઓલાદનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પશુધનના ડેટા એકત્રિત કરવાની કામગીરીમાં ગ્રામ્ય કક્ષાએ ૨,૭૦૦થી વધુ અને શહેરી કક્ષાએ ૧,૦૦૦થી વધુ ગણતરીદારો ઉપરાંત ૬૭૦ જેટલા સુપરવાઈઝર જોડાશે. વસ્તી ગણતરીના ડેટાને અધિકૃત કરવા જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

**વસ્તી ગણતરી માટે પ્રથમવાર મોબાઈલ એપનો ઉપયોગ**

૨૧મી પશુધન વસ્તી ગણતરી માટે દેશમાં પ્રથમવાર મોબાઈલ એપ્લીકેશન અને સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે. આ એપ્લીકેશનના પરિક્ષણ માટે ભારત સરકારે ગુજરાત સહિત અરુણાચલ પ્રદેશ, કર્ણાટક, ઓડીશા અને ઉત્તર પ્રદેશમાં પાઈલોટ પ્રોજેક્ટ શરુ કર્યો છે. જે અંતર્ગત જામનગર જિલ્લાના જોડિયા અને કાલાવડ તાલુકામાં મોબાઈલ એપ અને સોફ્ટવેરનું પરીક્ષણ હાલ પ્રગતિ હેઠળ છે. અગાઉ ૨૦મી પશુધન વસ્તી ગણતરી દરમિયાન પ્રથમવાર ટેબ્લેટના માધ્યમથી પશુધનનો ડેટા ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યો હતો.

**કેવી રીતે થશે પશુધન વસ્તી ગણતરી?**

પશુધન વસ્તી ગણતરી માટે ગણતરીદારો ઘરે-ઘરે જઈને મોબાઈલથી ગામ, ઘર, પશુ અને તેના માલિકની વિગતો ઉપરાંત માલિક પાસે ઉપલબ્ધ જમીન, સાધનોની વિગતો ભરશે. આ ઉપરાંત ગણતરીદાર દ્વારા ગામ-શહેરના ગાય, કુતરા સહિતના રખડતા પશુઓની પણ માહિતી મોબાઈલના માધ્યમથી એકત્ર કરવામાં આવશે. ગણતરીદાર એકત્ર કરેલી માહિતી તેના સુપરવાઈઝરને મોકલશે. સુપરવાઈઝર (પશુ ચિકિત્સા અધિકારી) એકત્ર કરેલી માહિતીને અધિકૃત કર્યા બાદ મોબાઈલ એપના માધ્યમથી જિલ્લા નોડલ અધિકારીને મોકલી આપશે.

ભારત સરકાર દ્વારા જિલ્લા નોડલ અધિકારી અને રાજ્ય નોડલ અધિકારીને વેબ એપ્લીકેશન અને ડેશબોર્ડની સુવિધા આપવામાં આવશે, જેના માધ્યમથી નોડલ અધિકારી તમામ ગણતરીદાર દ્વારા કરાયેલી ગણતરી અને સુપરવાઈઝર દ્વારા કરાયેલી ખરાઈનું નિરીક્ષણ કરી શકશે. એકત્રિત કરેલો ડેટા આ વેબ એપ્લીકેશનના માધ્યમથી જ ભારત સરકારને મોકલી શકાશે. આ ઉપરાંત ડેશબોર્ડના માધ્યમથી તમામ જિલ્લા નોડલ અધિકારીનું નિરીક્ષણ રાજ્ય નોડલ અધિકારી કરી શકશે. દરેક રાજ્યમાંથી એકત્ર કરાયેલા ડેટાની ખરાઈ કર્યા બાદ ભારત સરકાર પશુધન વસતી ગણતરીનો ડેટા જાહેર કરવામાં આવશે.

તાજેતરમાં જ ગાંધીનગર ખાતે ગુજરાત અને રાજસ્થાનના જિલ્લા અને રાજ્ય નોડલ અધિકારીઓ માટે એક દિવસીય પ્રાદેશિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ગુજરાતના પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ એક દિવસીય તાલીમ દરમિયાન નોડલ અધિકારીઓને વસ્તી ગણતરી માટેની મોબાઈલ એપ, વેબ એપ અને ડેશબોર્ડની તાલીમ આપવામાં આવી હતી.

**વર્ષ ૨૦૧૯ની ગણતરીમાં ગુજરાતમાં નોંધાયું ૨૬૮ લાખ પશુધન**

૨૦મી પશુધન વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૯માં હાથ ધરવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજ્યમાં કુલ ૨૬૮ લાખથી વધુ પશુધન નોંધાયું હતું. વર્ષ ૨૦૧૯ની વસ્તી ગણતરીમાં કુલ ૯૬ લાખથી વધુ ગાય નોંધાઈ હતી, જેમાં ૧૭.૫૦ લાખથી વધુ ગીર ગાય, ૧૭.૭૦ લાખથી વધુ કાંકરેજ ગાય, ૬૩ હજાર ડાંગી ગાય, ૩૩.૮૦ લાખ ક્રોસ બ્રીડ ગાય અને ૨૬.૫૦ લાખ ગાય નોંધાઈ હતી. આ વસ્તી ગણતરીમાં રાજ્યમાં કુલ ૧૦૫ લાખથી વધુ ભેંસ નોંધાઈ હતી, જેમાં ૩૯.૫૦ લાખથી વધુ મહેસાણી ભેંસ, ૧૪.૭૦ લાખથી વધુ જાફરાબાદી ભેંસ, ૧૧.૪૦ લાખથી વધુ સુરતી ભેંસ, ૭.૭૦ લાખથી વધુ બન્ની ભેંસ અને ૩૧.૮૦ લાખથી વધુ અન્ય ભેંસ નોંધાઈ હતી. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૭.૮૦ લાખથી વધુ ઘેટાં અને ૪૮.૬૦ લાખથી વધુ બકરા નોંધાયા હતા.

# અમેરિકામાં અતિ ભવ્ય રીતે ઉજવાયો લોયાધામ મહોત્સવ -૧









ન્યુજર્સી તા.૩

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામની શાખા શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ ન્યુજર્સીનાં ૧૦ વર્ષ પૂર્ણ થયા તે અવસરે પરમ પૂજ્ય ગુરૂવર્ય શાસ્ત્રીજી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશ દાસજી સ્વામીની પ્રેરણાથી લોયાધામ પરિવારના સર્વે ભક્તો માટે લોયાધામ મહોત્સવ-૧નું આયોજન ૨૦ થી ૨૮ જુલાઈ ૨૦૨૪ સુધી નવ દિવસ માટે થયું હતું. જેમાં પ્રથમ ચાર દિવસ Poconos Pennsylvania {kt Chateau Resort માં લોયાધામ પરિવારના ભક્તોના સર્વાંગી વિકાસ માટે શિબિરનું આયોજન થયું હતું. જેમાં બાલ-બાલિકા શિબિર, કિશોર-કિશોરી શિબિર તેમજ યુવા-યુવતી શિબિરનાં આયોજન દ્વારા નવી પેઢીમાં સંસ્કાર, સત્સંગ અને શિસ્તનું સુંદર સિંચન કરવામાં આવ્યું હતું. પૂજ્યપાદ ગુરૂજીની પાવન નિશ્રામાં આયોજિત આ શિબિરની થીમ Unity - એકતા રાખવામાં આવી હતી. ચાર દિવસ સુધી આ એક વિષયને અનુરૂપ અનેક પ્રકારના આયોજનો અને Presentation વિગેરે કરવામાં આવ્યા અને દરેક ભક્તોમાં આત્મીયતા અને સંપ સુદ્રઢ બને એવા દિવ્ય કાર્યક્રમો યોજાયા હતા. ૩૦૦ કરતા વધારે ભક્તોએ આ શિબિરનો દિવ્ય લાભ લીધો હતો. એવી જ રીતે સોનામાં સુગંધ ભળે તેમ આ શિબિર દરમ્યાન ગુરૂપૂર્ણિમા ઉત્સવનું પણ અતિ દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોયાધામ પરિવારના ઘણી મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પૂજ્ય ગુરૂજીનાં પૂજનનો લાભ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

એવી જ રીતે ૨૪ થી ૨૮ જુલાઈ સુધી પાંચ દિવસમાં લોયાધામ મંદિરમાં બિરાજમાન પીયુડા શ્રી ઘનશ્યામ મહારાજના દસમાં પાટોત્સવ નિમિત્તે Ukranian Cultural Center – Hall માં અતિ દિવ્ય લોયાધામ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦૦ કરતાં પણ વધારે ભક્તોએ લાભ લીધો હતો. આ ઉત્સવમાં ખાસ કરીને પૂજ્યપાદ ગુરૂજીની શ્રી નીલકંઠ વનવિચરણની કથા વાર્તાથી બધા ભક્તોને ખૂબ જ પોષણ અને પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. એવી જ રીતે બાળકો અને યુવાનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ તથા મહિલા મંચ તેમજ પીયુડા શ્રી ઘનશ્યામમહારાજનો દિવ્ય અભિષેક અને ભવ્ય અન્નકૂટ વિગેરે આયોજનો અતિ અદભુત હતા. આ ઉત્સવ અંતર્ગત દેશભક્તિ વિષયક તથા અયોગ્ય વિષયક કાર્યક્રમો પણ યોજાયા હતા.આ ઉત્સવ દરમ્યાન અમેરિકાના ૧૨ થી વધારે સ્ટેટના ભક્તો આવ્યા હતા અને લંડન અને કેનેડાથી પણ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા તથા ભારતથી પણ ભક્તો પધાર્યા હતા. ખાસ કરીને Raritan Town ™k Mayor Nicolas J. Carra y™u Council Man of Raritan Borough શ્રી ઉમેશ અગ્રવાલ અને ગાયત્રી પરિવારનાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયનાં Vice Chancellor શ્રી ચિન્મય પંડ્યાજી વિગેરે ઘણા બધા સામાજિક, રાજકીય અને આધ્યાત્મિક મહાનુભાવો પણ ખાસ ખાસ પધાર્યા હતા.

- અહેવાલઃ કનુભાઈ ખાચર

# રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતીની જાહેરાત પણ ઈજાફા પરિપત્રનું ખોટું અર્થઘટન

(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા, તા.૩

ગુજરાત રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓમાં આશરે ૧૫૦૦ થી વધુ આચાર્યની જગ્યા લાંબા સમયથી ખાલી છે. આ અંગે તાજેતરમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ભરતી માટેની કાર્યવાહી કરવામાં આવતા તેમાં કોઈપણ અરજી કરતું ન હોવાનું બહાર આવતા આશ્ચર્ય સર્જાયું છે.

શિક્ષણ વિભાગ દ્વારા અન્યાયી રીતે રાજ્યમાં આચાર્ય સિવાય તમામ શિક્ષક, પટાવાળા, ક્લાર્કની બઢતીની જોગવાઈ કરી છે. પણ પરંતુ આચાર્યની બઢતી કે ખાસ પગાર પેકેજ પણ નથી. તેથી એવી સ્થિતિ થાય છે કે એક જ શાળા કે સંસ્થામાં બે શિક્ષકો જોડાયા હોય તો તેમાંથી એક શિક્ષક રહે અને બીજો આચાર્ય થાય તો આચાર્યને બઢતીના મળે. પણ શિક્ષકને ૯-૨૦-૩૧ એમ ત્રણ વખત નોકરીના વર્ષો દરમિયાન ખાસ ઉચ્ચતર પગાર ધોરણ મળે. જેથી પરિસ્થિતિ એવી થાય કે એક જ સાથે નોકરીમાં લાગેલા શિક્ષકનો પગાર આચાર્ય કરતા વધુ થઈ જાય અને જવાબદારી ઓછી.

આના કારણે ૫-૧-૬૫ ના પરિપત્રથી શિક્ષક આચાર્ય થતાં એક જ ઈજાફાનો લાભ મળતો. પણ ડી.એ.ટી. દ્વારા આ ઈજાફો બંધ કરાતા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની ઉગ્ર રજૂઆતો પછી ૧૫-૯-૨૩ ના આ ઈજાફા કોને અને કેવી રીતે મળે તેની સ્પષ્ટતા પરિપત્ર થવા જતા પણ ડી.એ.ટી.ના અધિકારીઓ ખુદ રાજ્યના મુખ્યમંત્રી એ મંજૂર આ નિયમોનું પાલન ન કરતા હોય, રાજ્ય સંઘના પ્રમુખ ભાનુપ્રસાદ પટેલ, અધ્યક્ષ જે.પી. પટેલ તથા મહામંત્રી ભરતભાઈ ચૌધરીએ મુખ્યમંત્રીને આ અંગે રજૂઆત કરી છે. ઈજાફો ન અપાતા રાજ્યમાં કોઈ આચાર્ય થવા તૈયાર નથી. જેથી કોઈ અરજી કરતું નથી.

# માણાવદરમાં પાણીની પાઈપલાઈન નાખવામાં બેદરકારી રખાતા દગડ ડેમ પાસે ગાબડા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩

માણાવદરથી જૂનાગઢ હાઈવે એકમાત્ર જીલ્લાને જોડતો તાલુકાના ૫૫ ગામો સહિત શહેરનો હાઈવે માર્ગ છે. છેલ્લા દશ-દશ વર્ષથી પણ વધુ સમયથી આ રોડ પર થીગડા ઉપર થીગડા મારીને ચલાવાય છે. તાજેતરમાં જૂનાગઢ હાઈવેમાં વિશાળ દગડ ડેમ પાસે પાણી પુરવઠાની લાઈનો નાખવામાં આવી છે તે પાઈપલાઈન નાખવાના કામમાં ઘોર બેદરકારી દાખવેલ હોવાને લીધે હાઈવે રોડમાં મસમોટો ખાડો પડયો છે. આ સ્થળે લાઈટો પણ નથી જેથી રાત્રીના સમય ભયાનક અકસ્માત થાય તેવી દહેશત છે. ત્યારે તંત્ર દ્વારા આ રોડને તાત્કાલીક ધોરણે રીપેરીંગ કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

### રાત્રીના સમયે અકસ્માત નિવારવા માટે

# ઉના પોલીસ અને હિન્દુ યુવા સંગઠનો દ્વારા પશુઓને રીફલેકટર લગાવાયા



ઉના તા. ૩

હાલમાં ચોમાસામાં પશુઓ રોડ ઉપર રાત્રે બેઠા હોય છે અને વાહન ચાલકોને અંધારામાં પશુ દેખાતાના હોય પશુઓનો જીવ બચાવવા અને વાહન અકસ્માત ના થાય તે માટે ઉના પોલીસ ઈન્સ્પેકટર રાણા અને હિન્દુ યુવા સંગઠન ભારત ઉના પ્રખંડના પ્રમુખ મહેશભાઈ રામજીભાઈ બારીયા, અજયભાઈ બાંભણિયા અને તેમની ટીમના કાર્યકરો અને પોલીસ સ્ટાફે સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર તેમજ ઉના શહેરમાં રોડ ઉપર ફરતા પશુઓના ગળામાં રીફલેક્ટર વાળા રેડિયમ પટ્ટીના કોલર અને શિંગડા ઉપર રેડિયમ પટ્ટી લગાવી વાહન અકસ્માતના બનાવ રોકવા જીવદયા પ્રવૃતિ કરી હતી. તેમજ ઊના પોલીસ સ્ટેશનની હદમાં આવતા નેશનલ હાઈવે રોડ ઉપર ફોરલેન રોડ ઉપર ડીવાઈડર તૂટી ગયા હતા તે ઉના તાલુકાના સોંદરડી ગામથી સિમાસી ગામ સુધીના ડીવાઈડર રિપેર કરવા ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાણા અને નેશનલ હાઈવેના અધિકારીએ અકસ્માત નિવારવા બે દિવસમાં ડીવાઈડર તૂટેલ રિપેર કરી બંધ કરેલ અને જ્યાં જરૂર પડે બેરિકેટ મૂકી અકસ્માત નિવારવા કામગીરી કરી હતી.

# "તમાકુયુક્ત જીવનશૈલી છોડી, તમાકુમુક્ત આદતને" તેજસ્વી સ્મિત અને સ્વસ્થ સ્વાસ્થ્ય સાથે જિંદગીને જોડી સુદ્રઢ ભવિષ્યના નિર્ધાર થકી પ્રતિબદ્ધ બનીએ




### સમગ્ર વિશ્વમાં તમાકુથી દર વર્ષે ૮૦ લાખ લોકો, જ્યારે ભારતમાં ૧૩.૫૦ લાખ લોકો મૃત્યું પામે છે : નથી વિચાર્યુ તો હવે વિચારો.. "નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ(NTCP)" અંતર્ગત "તમાકુ છોડો કવિટ લાઈન" ટોલ ફ્રી નંબર "૧૮૦૦ ૧૧૨ ૩૫૬" ઉપર સંપર્ક કરીને સલાહ મેળવી તમાકુ છોડી શકાય

પ્રવર્તમાન સમયમાં તમાકુના સેવનથી સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રકારના કેન્સર, હૃદય રોગની બીમારી તેમજ અન્ય બીમારીઓથી દર વર્ષે ૮૦ લાખ લોકો, જ્યારે ભારતમાં ૧૩.૫૦ લાખ લોકો મૃત્યુને ભેટે છે. ભારતમાં તમાકુનું સેવન કરનાર બે વ્યક્તિ દર મિનિટે અને ૨૮૦૦ રોજના તમાકુના કારણે મોતને ભેટે છે. વિશ્વમાં મોંના કેન્સરની સૌથી વધુ સંખ્યા ભારતમાં નોંધાય છે અને જેમાંથી ૯૦ ટકા જેટલા કેન્સર તમાકુના સેવનને કારણે થાય છે. આ તમામ મૃત્યું/માંદગી અટકાવી શકાય તેવા છે. આ સમસ્યાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગુજરાત સરકારે રાજ્યમાં તમાકુ નિયંત્રણ માટે સઘન પ્રયાસો શરૂ કર્યા છે. તમાકુના સેવનથી આરોગ્ય ઉપર પડતી ભયાનક અસરોથી લોકોને બચાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા "સિગારેટ્સ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ – ૨૦૦૩"(COTPA) નામનો રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અધિનિયમ ઘડવામાં આવ્યો છે. જેનો અમલ ગુજરાત રાજ્યમાં તા. ૦૨ ઓક્ટોબર,૨૦૦૮ થી કરવામાં આવ્યો. ૧૧ મી સપ્ટેમ્બર,૨૦૧૨ થી ગુજરાત રાજ્યમાં ગુટખા ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો. જેનું અમલીકરણ સ્ટેટ ટોબેકો કંટ્રોલ સેલ ગુજરાત રાજ્ય(STCC) અને જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ(DTCC) આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમના ઘર-પરિવારમાં નાના બાળકો હોય તેઓ સારી રીતે જાણતા હોય છે કે, નાના બાળકો પરિવારના વડીલ સભ્યોનું અનુકરણ કરે છે. જેવું ઘરમાં શીખવા-સમજવા મળે તેવી પ્રવૃત્તિઓ બાળકો મોટા થઈને કરતા હોય છે. પરિવારના સભ્યોનું વર્તન અને તેમની આદતો બાળકોના માનસ ઘડતરમાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. તમારા બાળકો જ્યારે તમને તમાકુ ખાતા કે અન્ય હાનિકારક દ્રવ્યોનું સેવન કરતા જુએ છે, ત્યારે તેમના મન ઉપર શી અસર થતી હશે? તમે વિચાર્યુ છે ? નથી વિચાર્યુ તો હવે વિચારો.. આપણને સૌને ખબર છે કે તમાકુ કે પાન-મસાલાનું સેવન આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. આપણે જાણીએ છે કે, આ પદાર્થોનું સેવન કરવાથી આપણાં આરોગ્ય ઉપર વિપરીત અસર પડી શકે છે, પરંતુ હવે સમય છે જાણવાની સાથે આ પદાર્થોની આદત છોડવાનો. યુવાનોમાં તમાકુનો ઉપયોગ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. યુવા વર્ગ દેશનું ઉજ્જ્વળ ભાવિ છે, ત્યારે યુવાઓ આ ખરાબ આદતો છોડે તે માટે સરકાર દ્વારા પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શાળા-કોલેજમાં જઈ વિદ્યાર્થીઓને સમજૂત કરી સંકલ્પ લેવડાવી આ ખરાબ ટેવથી છોડાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

**આપણે તમાકુની નહીં, ખોરાકની જરૂર છે : તમાકુ છોડો, એક પગલું સમજદારી તરફ....**

તમાકુ જેવું વ્યસન તમે મન મક્કમ હોય તો છોડી શકો છો. રોજ વ્યાયામ, કસરત કરવાથી તમાકુનાં વ્યસનમાંથી મુક્તિ મળે છે. ચાલવા જવું, નિયમિત દોડવું, સાયકલ ચલાવવી જેવી સરળ કસરત કરવાથી તમાકુના સેવનની આદત ઓછી થઈ શકે છે. તમે સતત કોઈ કાર્યમાં અટવાયેલા કે વ્યસત રહો તો પણ વ્યસન ભૂલી શકાય તેમ છે. તમાકુ છોડયા પછી થોડા જ દિવસમાં સ્વાદ અને ગંધ પારખવાની ક્ષમતામાં વધારો થાય છે.

**તમાકુ છોડવાના ફાયદા**

તમાકુ છોડવાથી ૨૦ મિનિટની અંદર તમારા હૃદયના ધબકારા અને બ્લડ પ્રેશરમાં ઘટાડો થાય છે. ૧૨ કલાકમાં તમારા લોહીમાં કાર્બન મોનોક્સાઈડનું સ્તર સામાન્ય થઈ જાય છે અને ત્રણ મહિનામાં ફેફસાનું કાર્ય વધી જાય છે. છ મહિનામાં ઉધરસ કે શ્ર્વાસની તકલીફ દૂર થાય છે અને એક વર્ષમાં તો હૃદયરોગનું જોખમ પણ અડધું થઈ જાય છે. તમાકુ છોડવાથી રોગ કે માંદગી પાછળ થતા ખર્ચાઓ બંધ થશે તેમજ બચત વધશે. સામાજિક સ્વીકૃતિ અને પરિવારનું સ્વાસ્થ્ય પણ સુધરે છે. આટલા બધા ફાયદાઓ હોવાથી "આજે જ તમાકુ છોડો" અને સ્વસ્થ જીવનની ચાવી મેળવો.

**કેવી રીતે છોડી શકાય તમાકુનું વ્યસન ?**

એક અભ્યાસ મુજબ, જ્યારે વ્યક્તિને તમાકુના કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓ થવા લાગે, ત્યારે જ તે વ્યસન છોડવાનો વિચાર કરે છે. મન મક્કમ કરીને તમાકુ સેવન છોડોને પરિવારનો માળો પિંખાતો બચાવો. બાળકોમાં પણ વ્યસન વધી રહ્યા છે, ત્યારે તમાકુ સહિતના તમામ વ્યસનોથી દૂર રાખવા એ આપણા સૌની જવાબદારી છે. તમાકુ છોડવા માટે વૈજ્ઞાનિક પ્રયત્નો પણ બહુ જરૂરી છે. જેમાં સાદી સલાહથી માંડીને કાઉન્સેલિંગ મદદરૂપ થઈ શકે છે. ગુજરાત રાજ્યમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અનેકવિધ સચોટ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કોઈ વ્યક્તિ તમાકુ, નિકોટિન ઉત્પાદનો સહિતના કોઈપણ વ્યસન છોડવા માંગતા હોય તો તેઓને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે "નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ (NTCP)" અંતર્ગત "તમાકુ છોડો કવિટ લાઈન" શરૂ કરવામાં આવી છે. ટોલ ફ્રી નંબર "૧૮૦૦ ૧૧૨ ૩૫૬" ઉપર સંપર્ક કરીને સલાહ મેળવી તમાકુ છોડી શકાય છે.

તો આવો, તેજસ્વી સ્મિત અને સ્વસ્થ ભવિષ્ય માટે તમાકુમુક્ત જીવનશૈલી માટે પ્રતિબદ્ધ થઈએ. યાદ રાખો, તમાકુ છોડવાથી માત્ર જીવન જ બચતું નથી, પણ તમારા સ્મિતની સુંદરતા પણ જળવાઈ રહે છે. સૌ સાથે મળીને તમાકુ છોડવા અંગે લોકોમાં જાગૃતિ ફેલાવીએ અને તમારી આસપાસના લોકોને પ્રોત્સાહિત કરી,

**સંકલન : ભાવિકા લીંબાસીયા**

# પવિત્ર શ્રાવણ માસમાં ઝેડ પ્લસ સુરક્ષા કવચ ધરાવતા સોમનાથ મહાદેવ મંદિરે જડબેસલાક-લોખંડી બંદોબસ્ત

### યાત્રિકોનું સન્માન, સ્વમાન સાથોસાથ મંદિરની સુરક્ષા જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસ વડાનો અભૂતપૂર્વ પોલીસ બંદોબસ્ત રહેશે





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩

ભારત બાર જયોર્તિલીંગ પ્રથમ ભગવાન સોમનાથ મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં યાત્રિકોનું સન્માન, શ્રધ્ધા જળવાઈ રહે અને સાથોસાથ ગુજરાતનું એક માત્ર ઝેડ પ્લસ સુરક્ષા કવચ ધરાવતા ભગવાન સોમનાથ મંદિરે ગીર-સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના નેતૃત્વ હેઠળ સુપેરે બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે. બંદોબસ્તમાં ૧ ડીવાયએસપી, ૨ પીઆઈ, ૫ પીએસઆઈ, ૧૩૭ પોલીસ જવાન, ૯૦ એસઆરપી, ૧૩૦ જીઆરડી, ૨ યોગસ્કવોડ, ૪ ઘોડેશ્વાર પોલીસ, ૧૫ કયુઆરટી, ૬ બીડીડીએસ જવાનો, ૧૦ હેન્ડ મેટલ ડીટેકટર, ૮ બોડીવોર્ન કેમેરા સાથે પોલીસ જવાનો, ૫૬ સીસીટીવીની બાજ નજર રાખશે. એસઓજી, એલસીબી અધિકારીઓ પોલીસ જવાનો મંદિરે વારંવાર મુલાકાત લેતા રહેશે અને એક પીસીઆર વાન મંદિરની આસપાસ અને સમુદ્ર વોકવે ઉપર સતત પેટ્રોલિંગ કરતું રહેશે. માતા-પિતાથી વિખુટા પડેલા બાળકોને શોધી આપવા પોલીસ મદદરૂપ બનશે. સોમનાથ મંદિરે દર્શન કરવા આવતા વાહનોનું ચેકિંગ પોસ્ટો માટેની રાવટી, ટુકડી અને દર્શન પ્રવેશ એન્ટ્રીગેટ, દિગ્ગવીજય દ્વાર સહિત કુલ ૪ સ્થળે ફ્રેમ મેટર ડીટેકટર અને મંદિર સુધી આવતા રસ્તાઓ ઉપર વાહન પ્રવેશ નિયંત્રણ કે મર્યાદા રાખવામાં આવેલ છે. જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા પોતે અંગત રીતે પણ યાત્રિકોની શ્રધ્ધા, સન્માન જળવાઈ રહે અને સાથોસાથ મંદિરની સલામતી સુદ્રઢ રીતે જળવાઈ રહે તેવો બંદોબસ્ત પ્રતિ વર્ષ કરતા રહે છે.

# સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં શ્રાવણ માસમાં સાંસ્કૃતિક, ધાર્મિક, ડાયરાના કાર્યક્રમો : નૃત્ય, દાંડીયા રાસ હરીફાઈ ભવ્ય આયોજન

### સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં સોમનાથ ટ્રસ્ટના સહકારથી ગીર-સોમનાથ મીડીયા સેન્ટર આયોજીત શ્રાવણ માસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમો, નૃત્ય, દાંડીયા રાસ હરીફાઈઓ યોજાશે

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૩

શ્રી સોમનાથ ટ્રસ્ટના સહયોગથી ગીર સોમનાથ મીડીયા સેન્ટર દીપક કકકડ આયોજીત તેમજ ગીર સોમનાથ જીલ્લા બ્રહમ સમાજના, કેટરીગ એસો.ના પ્રમખ મીલનભાઈ જોષી, મોટા કોળી સમાજ રામભાઈ સોલંકી, વાલ્મીકી સમાજના પ્રવિણભાઈ ચૌહાણ, લોહાણા સમાજના વિપુલભાઈ રાજા તેમજ જેસલભાઈ ભરડા તેમજ સંસ્થાઓ વ્યકતીઓના સહકારથી શ્રાવણ માસમાં પ્રથમ જયોતીલીગ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં સાંસ્કૃતિ, ધાર્મિક, ડાયરાઓ કાર્યક્રમો નૃત્ય નાટીકા, ગીત સંગીત, દાડીયા રાસ હરીફાઈ હમીરજી ગોહીલ ચોક ભાટીયા ધર્મશાળા ગ્રાઉન્ડમાં વોટરપ્રૂફ ડોમમાં સંપુર્ણ વ્યવસ્થા સાથે યોજાયેલ છે. દરેક કાર્યક્રમો રાત્રે ૮:૩૦ વાગ્યે પ્રારંભ થશે કાર્યક્રમો તા.૫-૮-૨૪ સોમવાર રેખાબેન વાળા એન્ડ ગ્રુપ અને વિજયદાન ગઢવી, તા.૧૦-૮-૨૪ શનિવારે રાજુભાઈ ભટ ગ્રુપ જૂનાગઢ, તા.૧૨-૮-૨૪ સોમવાર કીર્તીબેન અખીયા એન્ડ ગ્રુપ, તા.૧૭-૮-૨૪ શનિવાર જાહલબેન આહીર, વિજયદાન ગઢવી, જુગલભાઈ આહીર, તા.૧૯-૮-૨૪ સોમવાર તેજસભાઈ વ્યાસ એન્ડ ગ્રુપ પ્રવિણભાઈ બારોટ, તા.૨૪-૮-૨૪ શનિવાર જન્માટમી ફેસ્ટીવલ નૃત્ય નાટીકા હરીફાઈ, તા.૨૬-૮-૨૪ સોમવાર દિનેશભાઈ ચુડાસમા જીજ્ઞાશા વાજા એન્ડ ગ્રુપ, તા.૩૧-૮-૨૪ શનિવાર અરવિંદભાઈ રાવળ ચોગઠવાળા એન્ડ ગ્રુપ, તા.૨૯-૨૪ સોમવાર હેમતભાઈ જોષી એન્ડ ગ્રુપ(રાજકોટ) શ્રાવણ માસના અંતિમ દિવસે વર્ષોની પરંપરા મુજબ શિવા બીટસ ગ્રુપ ભીખુભાઈ અખીયા દ્વારા અર્વાચીન દાંડીયા રાસહરીફાઈ યોજવામાં આવશે જેમાં સૌરાષ્ટ્ર ગુજરાતના ખેલૈયાઓ ભાગ લઈ શકશે વર્ષોથી શ્રાવણ માસમાં અંતિમ દિવસે દાંડીયા રાસની પરંપરા આટલા વર્ષોથી જણવાય રહી છે વધુને વધુ ખેલૈયાઓ આ હરીફાઈમાં ભાગ લેવા આવે. સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં શ્રાવણ માસમાં સૌરાષ્ટ્ર ગુજરાત ભારત તેમજ વિશ્વભરના યાત્રીકો તેમજ શિવભકતોને ભવ્ય કાર્યક્રમોમાં લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે. શ્રાવણ માસમાં યોજાનાર આ તમામ કાર્યક્રમોમાં સૌરાષ્ટ્ર ગુજરાત ભારતના તેમજ વિશ્વભરના યાત્રીકો તેમજ શિવભકતોને લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

## ટીનમસ ગામનું ગૌરવ



જૂનાગઢ તા.૩

ગત તા.૨૭ જુલાઈના રોજ ધીરૂભાઈ અંબાણી હોલ, જામનગર ખાતે ગુજરાત પ્રતિભા સિંગર એવોર્ડ-૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ગુજરાતભરના કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વંથલી તાલુકાના ટીનમશ ગામના ગાયક કલાકાર કરીમભાઈ ગુરબાનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કરીમભાઈ ગુરબાન એક પ્રતિભાશાળી કલાકાર છે. તેમનું સન્માન થતાં ટીનમશ ગામનું ગૌરવ વધાર્યું છે.

# ખંભાળિયા નજીક ખાનગી કંપનીમાં માલ ભરવા આવતા ટ્રક ચાલકો સામે ગેરકાયદેસર રીતે રકમ માંગી, દાદાગીરી કરતા બે ડઝન જેટલા શખ્સો સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા - જામનગર માર્ગ ઉપર આવેલી એક ખાનગી કંપનીમાં માલસામાન ભરવા આવતા ટ્રકના ડ્રાઈવરો, કલીનરો પાસેથી અનધિકૃત રીતે રકમની માંગણી કરી અને ધાક-ધમકીઓ આપી, દાદાગીરી કરતા ૨૩ શખ્સો સામે ખંભાળિયા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે જામનગર તાલુકાના નાઘેડી ગામે આવેલી માધવ ગ્રીન સોસાયટીમાં રહેતા રણજીતસિંહ સુરુભા મોયા નામના ૪૦ વર્ષના યુવાન દ્વારા ખંભાળિયા પોલીસ મથકમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયાથી આશરે ૧૮ કિલોમીટર દૂર જામનગર માર્ગ પર આવેલી નયારા કંપનીના પી.પી. પ્લાનના ગેઈટ પાસે રહીને કંપનીમાં માલ સામાન ભરવા માટે આવતા ટ્રાન્સપોર્ટરો પાસેથી બળજબરીપૂર્વક રૂપિયા પડાવી લેવાના ઈરાદાથી કંપની નજીક આવેલા કાઠી દેવળિયા તથા સોઢા તરઘડી વિસ્તારમાં રહેતા અર્જુનસિંહ બહાદુરસિંહ જાડેજા, દિલીપસિંહ કરસનજી જાડેજા, નિર્મળસિંહ મહેન્દ્રસિંહ વાઢેર, યુવરાજસિંહ દશરથસિંહ જાડેજા, ભગીરથસિંહ મહિપતસિંહ વાઘેલા, પ્રહલાદસિંહ અજીતસિંહ જાડેજા, પ્રદ્યુમન હનુભા જાડેજા, ઘનશ્યામસિંહ ભગીરથસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ જાડેજા, હનુભા ઉદેસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ કિરીટસિંહ જાડેજા, તેજેન્દ્રસિંહ વનરાજસિંહ જાડેજા, જયદીપસિંહ કારૂભા વાઢેર, સુરપાલસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ નવુભા વાઢેર, કેતન કિશોર ખેતીયા, જયદીપ પ્રવીણ ખેતીયા, ધર્મવીરસિંહ પ્રવિણસિંહ વાઢેર, ધર્મેન્દ્રસિંહ ગુમાનસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, સુરપાલસિંહ હનુભા વાઢેર, યુવરાજસિંહ કિરીટસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ ભીખુભા જાડેજા નામના કુલ ૨૩ શખ્સો દ્વારા નયારા કંપનીના પેટ્રોલ કેમિકલ ગેટ પાસે કંપનીના એરિયામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી, નયારા કંપનીમાં માલ સામાન ભરવા આવતા ટ્રાન્સપોર્ટરોના લોકોને ગેરકાયદેસર રીતે રોકવામાં આવતા હતા. આ રીતે આરોપીઓ દ્વારા કંપનીની અંદર માલ ભરવા જવા માટે તેના ડ્રાઈવરો તથા કલીનરો રાખવા દબાણ કરવામાં આવતું હતું. આટલું જ નહીં, ટ્રકોને પાર્કિંગમાં પાર્ક કરવા માટે એક ટ્રક દીઠ રૂા.૩,૦૦૦ ની ગેરકાયદેસર રીતે માંગણી કરી અને ફરિયાદી રણજીતસિંહ સુરુભાને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલું જ નહીં, કંપનીની અંદર માલ ભરવા ગયેલા ચાર ટ્રકોના રૂ. ૧૨,૦૦૦ બળજબરીપૂર્વક કઢાવી લઈ, આરોપી અર્જુનસિંહ બહાદુરસિંહ જાડેજાએ કંપનીમાં માલ ભરવા માટે આવેલા ટ્રાન્સપોર્ટરો વિગેરેને ફોન કરીને ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પણ જાહેર થયું છે.આરોપી દિલીપસિંહ કરસનજી જાડેજાએ પણ ફરિયાદી રણજીતસિંહને ફોન કરી અને ટ્રકો કંપનીમાં ભરવા માટે રૂપિયાની ગેરકાયદેસર માંગણી કરી, બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયુંછે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે તમામ ૨૩ શખ્સો સામે ગુનો નોંધી, ૨૨ શખ્સોની અટકાયત કરી લીધી હતી.


**જાહેરાત**

નામ.સુપ્રિમ કોર્ટ સમક્ષ થયેલ Writ Petition No.324/2020 અંન્વયે અપાયેલ સુચના મુજબ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એક્ટ-૨૦૧૩ હેઠળ મેન્યુઅલ સ્કેવેન્જર્સ અને અસ્વચ્છ શૈચાલયો નો રાજ્ય વ્યાપી સર્વે કરવાનો થાય છે.એ અન્વયે પોરબંદર જિલ્લામાં આવા કામો માં રોકાયેલ વ્યક્તિઓને નગરપાલિકા વિસ્તારમાં રહેતા હોય તો સબંધિત ચીફ ઓફીસર તથા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હોય તો સંબધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી નો સંપર્ક કરી તેમની વિગતો એનેક્ષર-૧ માં ભરી સબંધિત કચેરીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.વિશેષ માહિતી/માર્ગદર્શન ની જરૂરીયાત હોય તો નાયબ નિયામકશ્રી અનુસુચિત જાતિની કચેરી,જિલ્લા સેવા સદન-૨,સાંદિપની રોડ,પોરબંદર નો સંપર્ક કરવો.

સ્થળ-પોરબંદર

તા:-૦૨/૦૮/૨૦૨૪

નાયબ નિયામક અ.જા.ક., પોરબંદર

માહિતી/પોર/જા.ખ-૭૩/૮૧૫-૧૭/૨૦૨૪


# સોમવારથી શ્રાવણ મહિનાનો પ્રારંભ, 3 સપ્ટેમ્બર મંગળવારે પુર્ણાહુતિ

શ્રાવણ સુદ એકમને સોમવાર તા.૫ ઓગષ્ટથી શ્રાવણ મહિનાની શરૂઆત થશે.

આ વર્ષે શ્રાવણ મહિનામાં ૫ સોમવાર હોવાથી શ્રાવણ મહિનો વિશેષ રહેશે. આની પહેલા ૨૦૨૧માં પાંચ સોમવાર શ્રાવણ મહિનામાં આવેલા હતા.

શ્રવણ નક્ષત્ર ઉપરથી શ્રાવણ માસ નામ પડેલ શ્રવણ નક્ષત્રના ગુણધર્મ પ્રમાણે ધર્મપુજા પાઠ વિશેષ ફળ આપે છે. એક કથા પ્રમાણે સનતકુમારો શિવજીને પુછે છે કે, શા માટે શ્રાવણ મહિનો જ શિવપુજા માટે ઉત્તમ ગણાય છે. ત્યારે શિવજી પોતે કહે છે કે શ્રાવણ મહિનાના દિવસો દરમ્યાન માતા પાર્વતીએ શિવજીને મેળવવા માટે કઠોર તપ કરેલુ અને શિવજી માતા પાર્વતીને પ્રસન્ન થયા હતા. ત્યાર બાદ માતા પાર્વતીના શિવજી સાથે વિવાહ થાય છે. આમ શ્રાવણ મહિનામાં શિવજી પ્રસન્ન થયા હોવાથી શ્રાવણ મહિનો શિવપુજા માટે ઉત્તમ ગણાય છે.

● શ્રાવણ મહિનાના દરેક સોમવારે શિવમુષ્ઠી પુજનનું મહત્વ

પંચાગ પ્રમાણે શ્રાવણ મહિનાની દરેક સોમવારે શિવલિંગ ઉપર એકમુઠી ધાન્ય ચડાવવું જોઈએ. જેથી જીવનની મુસીબતો દુર થાય આ વર્ષે શ્રાવણ મહીનામાં પાંચ સોમવાર છે.

આથી પાંચેય સોમવારની શિવમુષ્ઠી પુજાનું મહત્વ

(૧) તા.૫ ઓગષ્ટ પ્રથમ સોમવારે શિવજી ઉપર એકમુઠી ચોખા ચડાવવા મનોકામના સિધ્ધ થશે.

(૨) તા.૧૨ ઓગષ્ટ બીજા સોમવારે શિવજી ઉપર એક મુઠી તલ કાળા તલ ચડાવવા સર્વગ્રહ શાંતી થશે.

(૩) તા.૧૯ ઓગષ્ટને ત્રીજા સોમવારે શિવજી ઉપર એક મુઠી મગ ચડાવવા શારિરીક સુખોમાં વધારો થશે.

(૪) તા.૨૬ ઓગષ્ટને ચોથા સોમવારે શિવજી ઉપર એકમુઠી જવ ચડાવવા આરોગ્ય સારૂ રહેશે.

(૫) તા.૨ સપ્ટેમ્બરને પાંચમા સોમવારે શિવજી ઉપર એક મુઠી ચણાની દાળ ચડાવવી ભાગ્યોદય થશે, ભાગ્યબળ વધશે.

આ ઉપરાંત પણ શિવલિંગની ઉપર અલગ અલગ દ્રવ્ય ચડાવી અને દરરોજ પુજા કરી શકાય છે.

સંતાન પ્રાપ્તી માટે ચોખા ચડાવવા., ધન પ્રાપ્તી માટે બીલીપત્ર., લાંબા આયુષ્યની પ્રાપ્તી માટે દુર્વા ચડાવવા, રાજયોગ માટે ઘી, બીમારીમાંથી મુકત થવા માટે દુધ, નવગ્રહ શાંતી માટે કાળા તલ, સ્થિર લક્ષ્મી પ્રાપ્તી માટે શેરડીનો રસ ચડાવો ઉત્તમ ગણાય છે. એક વાતનું ખાસ ધ્યાન રાખવું મહાદેવજીને હળદર અને તુલસી ચડાવવા નહી.

શિવ મહાપુરાણ પ્રમાણે વિધેશ્વર સંહિતાના ૨૧માં અધ્યાયના ૪૦માં શ્લોક પ્રમાણે બહેનો પણ ઘરે અથવા મંદિરે શિવલીંગની પુજા કરી શકે છે. તે ઉપરાંત બહેનો રૂદ્રાક્ષ પણ ધારણ કરી શકે છે.

● શિવલિંગનું મહત્વ

આપણા સમાજમાં શિવલિંગ વિષે અલગ અલગ ગેરમાન્યતા પ્રવર્તી રહી છે પરંતુ શ્લોક પ્રમાણે જોઈએ તો શિવલિંગનું મહત્વ આ પ્રમાણે છે.

મુલતો બ્રહ્મરૂપાય એટલે કે શિવલિંગ ત્રણ ભાગમાં વહેંચાયેલ છે. જેમાં મુળમાં જે ભાગ જમીન અંદર એટલે કે થળાની અંદરનો ત્રીજો ભાગ છે તે આધારરૂપે બ્રહ્માજી છે. મધ્ય તો વિષ્ણુ રૂપાય એટલે શિવલિંગનો મધ્યભાગ વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ છે. અગ્રત શિવરૂપાય એટલે શિવલિંગનો ઉપરનો ભાગ સ્વયં મહાદેવજી છે.

આમ શિવલિંગની પુજા કરવાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેશ ભગવાનનું પુજન થાય છે. આ વર્ષે શ્રાવણ મહિનો પુરા ૩૦ દિવસનો રહેશે.

શ્રાવણ મહિના દરમ્યાન પંચાક્ષર મંત્ર ૐ નમઃ શિવાય અથવા ૧૧ હજાર મંત્રના જપ કરવાથી જીવનની પીડા દુર થાય છે.

શ્રાવણ મહિના દરમ્યાન શિવ મહીમ્ન સ્ત્રોતના પાઠ કરવા જોઈએ અને દરરોજ પુરાણોકત રૂદ્રાભિષેક બોલતા બોલતા શિવજી ઉપર જલ ચડાવવાથી મનોકામના સિધ્ધ થાય છે.

આ વર્ષે અમાસની વૃધ્ધિતિથી હોવાથી શ્રાવણ મહિનાની પુર્ણાહુતી શ્રાવણ વદ અમાસને મંગળવાર તા.૩ સપ્ટેમ્બરના રોજ થશે.

**શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

# એસપીના નેતૃત્વ હેઠળ જૂનાગઢ શહેરમાં ગત રાત્રે સઘન ચેકિંગ ડ્રાઈવ : અનેક દંડાયા




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩

જૂનાગઢ શહેરમાં ગત રાત્રીના ૯,૩૦ કલાકે જૂનાગઢ શહેરના ઝાંઝરડા બાયપાસ ચોકડી ખાતે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની વિશેષ ઉપસ્થિતિમાં ચેકીંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ જૂનાગઢ શહેરમાં વિવિધ સથળો પર જીલ્લા પોલીસ વડાએ લાલઆંખ કરી કડકમાં કડક ચેકીંગ હાથ ધર્યુ હતું. ચેકીંગ દરમિયાન પાનના ગલાઓની દુકાનો પર તેમજ નોનવેજની લારીઓ પર તેમજ ચા નાસ્તાની દુકાનો સહિત વિવિધ સ્થળો પર જૂનાગઢ પોલીસની ટીમો દ્વારા સ્પેશિયલ ચેકીંગ હાથ ધરાયું હતું. આ ચેકીગની કાર્યવાહીથી અવારા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. વધુમા એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતુ કે જૂનાગઢ શહેરમાં પોલીસ તંત્ર દ્વારા ગત રાત્રીનાં સ્પેશિયલ કડક ચેકીંગ હાથ ધરાયું હતું તેમાં પોલીસ તંત્રની એવી ફરીયાદ મળેલ કે મવાલી અવારા તત્વોનો લોકોને ભારે ત્રાસ છે.

જેથી ગત રાત્રે એસપી. હર્ષદ મેહતાની આગેવાની હેઠળ ગત રાત્રે વિવિધ પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓ તેમજ સીપીઆઈ તેમજ વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરો તેમજ ડીવાયએસપી તથા જૂનાગઢ વિવિધ પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે જૂનાગઢના ઝાંઝરડા રોડ સહિત જૂનાગઢ શહેરનાં વિવિધ સથળો પર પોલીસ તંત્રએ કડક ચેકીંગ હાથ ધરતા લુખ્ખા - અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. જૂનાગઢ પોલીસતંત્ર લુખ્ખાગીરી સામે સતત કડક કાર્યવાહી કરશે. આ કાર્યવાહી સતત પોલીસતંત્ર ચાલુ જ રાખશે તેમ જાણવા મળેલછે આ ચેકીંગ દરમ્યાન વાહનચાલકો સામે કાગળો આરસીબુક નંબર પ્લેટ વગેરે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ચેકિંગ ડ્રાઈવમાં અનેક દંડાયા હોવાનું જાણવા મળેલ છે.

### બે પ્રસૂતા મહિલાઓના અકાળે મૃત્યુ થવાનાં ચકચારી કેસમાં

# SITની તપાસમાં હેલ્થ પ્લસ હોસ્પીટલની બે મહીલા ડોકટર દોષિત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ,તા.૩

બે પ્રસૂતા મહિલાઓના ચકચાર જગાવનારા મોતના કેસમાં રાજકોટ હેલ્થ પ્લસ હોસ્પિટલના બંને મહીલા ડોક્ટર દોષિત ઠર્યા છે. હોસ્પિટલમાં ડોક્ટરોની બેદરકારીથી થયેલા મોત બદલ ખાસ્સો ઉહાપોહ થતાં સિટ બેસાડવી પડી હતી. ખાનગી મેડિકલ ફેસિલિટી, હેલ્થ પ્લસ હોસ્પિટલના બે ડોકટરો સામે જૂનાગઢ પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા તપાસમાં બે મહિલાઓના મૃત્યુ માટે બેદરકારી બદલ બંને મહીલા ડોકટરો ડો. ડાયના અજુડીયા અને ડો. હેમાક્ષી કોટડીયાને દોષી ઠેરવવામાં આવ્યા હતા જ્યારે બે અન્ય બાળજન્મ દરમિયાન કિડનીની નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો. SIT રિપોર્ટના આધારે, હેલ્થ પ્લસ હોસ્પિટલના ડૉ. ડાયના અજુડિયા અને ડૉ. હેમાક્ષી કોટડિયા વિરુદ્ધ મંગળવારે જૂનાગઢ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા (IPC) કલમ ૩૦૪, ૩૦૮ અને ૧૧૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.જૂનાગઢ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ગયા વર્ષે હોસ્પિટલ સામે ફરિયાદ નોંધાયા બાદ રાજ્યના આરોગ્ય વિભાગે SITની રચના કરી હતી. આ મામલો આરોગ્ય વિભાગને મોકલવામાં આવ્યો હતો, જેના પગલે આ કેસની તપાસ માટે ગાંધીનગરમાં ૧૧ સભ્યોની SITની રચના કરવામાં આવી હતી.

હિરલ મિયાત્રા (૨૨) અને હર્ષિતા બાલાસ (૨૯) ને બાળજન્મ દરમિયાન સિઝેરિયન કરવામાં આવ્યું હતું, જેના કારણે સપ્ટેમ્બર ૨૦૨૩ માં ઓપરેશન પછીની જટિલતાઓના લીધે તેમના અકાળે મૃત્યુ થયા હતા. અન્ય બે મહિલાઓ, તૃપ્તિ કાચા (૩૫) અને મોનિકા વાણિયા (૩૪), જેમણે પણ આ જ હોસ્પિટલમાં તેમના બાળકોને જન્મ આપ્યો હતો. હવે તે બંને મહિલાઓ હાલમાં કિડની ફેલ્યોર સામે લડી રહી છે અને અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસિસ કરાવી રહી છે, એમ SIT રિપોર્ટમાં જણાવાયું છે.

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે હેલ્થ પ્લસ હોસ્પિટલમાં નર્સિંગ ચાર્ટમાં વિસંગતતાઓ, ચેપ નિવારણ પ્રોટોકોલનું પાલન કરવામાં નિષ્ફળતા, તમામ દર્દીઓમાં કિડનીની તીવ્ર ઈજા, ચિકિત્સક દ્વારા પૂર્વ અને શસ્ત્રક્રિયા પછીના મૂલ્યાંકનોનો અભાવ અને ફ્યુમિગેશન અને ઓટોક્લેવમાં વિસંગતતાઓ સહિત અનેક મુદ્દાઓની ઓળખ કરી હતી.

## ચોરવાડ-ગડુ રોડ પર બાઈક હડફેટે સાયકલ સવાર વૃધ્ધનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

ચોરવાડ ગડુ રોડ પર અજાણ્યા બાઈક ચાલકે સાયકલ સવારને ઠોકરે લઈ મોત નિપજાવ્યાની ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે હરેશભાઈ દેવાભાઈ ચૌહાણે અજાણ્યા બાઈક ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, અજાણ્યા બાઈક ચાલક આરોપીએ પોતાના હવાલાની મોટર સાઈકલ પુર ઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી ચલાવી મૃતક દેવાભાઈ રામાભાઈ ચૌહાણ કોળી (ઉ.વ. ૬૦) રહે. વિસણવેલ વાળાઓ પોતાની સાઈકલ લઈ મજુરી કામ અર્થે જતા હતા ત્યારે હડફેટે લઈ અકસ્માત કરી શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ કરી અને સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માણાવદરમાં હોમગાર્ડ જવાન સાથે ઝપાઝપી કરી ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૩

માણાવદરના સિનેમાચોક વિસ્તારમાં પોતાની ફરજ પર રહેલ હોમગાર્ડ જવાનને ગાળાગાળી કરી, ઝપાઝપી કરી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ માણાવદર પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે લખનભાઈ ભોલાભાઈ મધલાણીએ ધનરાજભાઈ દુર્લભભાઈ પરમારે વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાની હોમગાર્ડ તરીકેની ફરજ ઉપર ફુલ યુનીફોર્મમાં હાજર હોય અને તેની કાયદેસરની ફરજમાં રૂકાવત કરી આ કામના આરોપી આવી ફરીયાદીએ કહેલ કે હુ કાલે પોલીસ સ્ટેશનમાં ગુનાના કામે હાજર થવા આવેલ હતો તે વખતે તે મને કેમ સોડા ન લાવી દીધી તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે મારે પોલીસ સ્ટેશન ઓફીસરને પુછવુ પડે તેમ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગમેતેમ ભુંડી ગાળો આપી અને ઝપાઝપી કરી ફરીની કેપનો ઘા કરી દઈ ફરીયાદીને ગાલમાં તમાચો મારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજમાં 'મનોવિજ્ઞાનમાં કારકિર્દીના વિવિધ ક્ષેત્રો' વિષય ઉપર વિશેષ વ્યાખ્યાન યોજાયું



જૂનાગઢ, તા.૩

જૂનાગઢ સ્થિત બહાઉદ્દીન સરકારી વિનિયન કોલેજના પ્રિન્સિપાલ ડૉ.પી.વી. બારસિયાની પ્રેરણાથી મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રા. બી.બી.જોશી તથા પ્રા. ડો.ભાવનાબેન ઠુંમર દ્વારા 'મનોવિજ્ઞાનમાં કારકિર્દીના વિવિધ ક્ષેત્રો' વિષય ઉપર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાં તજજ્ઞ તરીકે રાજકોટ, કણસાગરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના મનોવિજ્ઞાન વિભાગના ડો.આર.એસ.પરમાર ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનમાં પરમારે, મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓને માનવ વર્તનની સાથે ક્ષેત્રની વિશાળતા, કાઉન્સેલિંગ સેન્ટર, મનોવિજ્ઞાનનો વ્યવહારિક ઉપયોગ, સામાજિક સમસ્યાઓ અને વિશેષ રીતે સારા વ્યક્તિ તરીકે ઉભરી આવવા ઉપર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં વેરાવળ, સી.પી.ચોકસી કોલેજ મનોવિજ્ઞાનના પ્રા.ડૉ.સોસાએ વિદ્યાર્થીઓને ભણતરની સાથે કેળવણી તથા NSS અંગેની પ્રેરણાત્મક વાતોથી માહિતગાર કર્યા હતા. આ વ્યાખ્યાનમાં મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા હતા.

## જૂનાગઢના જીઆઈડીસી-રમાં સામસામે બાઈક ટકરાતા એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ગુણવંતભાઈ સામતભાઈ ભાટીએ બાઈક નં.જીજે-૧૧-બીએફ-૫૩૦૭ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના ભાઈ ભાવસિંહભાઈ પોતાનું હોન્ડા ડ્રીમયુગા રજી. નં. જીજે.૧૧ બીકે. ૩૯૦૫ વાળુ લઈને પોતાના ઘરે જતો હતો ત્યારે તેની સામેથી બાઈક નં.જીજે-૧૧-બીએફ-૫૩૦૭ના ચાલકે પોતાના હવાલાનું મો.સા. બેફામ રીતે બેદરકારી થી ચલાવી આવી અકસ્માત કરી ફરીયાદીના ભાઈ ભાવસિંહભાઈનું મુત્યુ નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

